dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 50 । AD - 2026, Kartak Sud-14 । Monday, Dt. 23-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

કુદરતી ગેસ મંત્રાલય દ્વારા જારી કરાયેલી સુધારેલી નીતિ હેઠળ

સાત તેલ-ગેસ બ્લોકનાં કરાર લંબાવવાની નીતિમાં કેન્દ્ર સરકારનો મહત્ત્વપૂર્ણ સુધારો

નવી દિલ્હી, તા. ૨૨

કેન્દ્ર સરકારે નવી શોધખોળ લાઇસન્સિંગ નીતિ (NELP) પહેલાં ફાળવવામાં આવેલા સાત તેલ અને ગેસ બ્લોક માટે ઉત્પાદન-વહેંચણી કરાર (PSC) લંબાવવાની નીતિમાં મોટો સુધારો કર્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા જારી કરાયેલી આ સુધારેલી નીતિ હેઠળ હવે ક્ષેત્રના આર્થિક જીવનકાળના અંત સુધી કરારો લંબાવવાની મંજૂરી મળશે. આ નિર્ણય ઓઇલફિલ્ડ્સ (નિયમન અને વિકાસ) સુધારા અધિનિયમ, ૨૦૨૫ અને પેટ્રોલિયમ તથા કુદરતી ગેસ નિયમો, ૨૦૨૫ અંતર્ગત લેવાયો છે, જે એપ્રિલ ૨૦૧૭ની જૂની નીતિનું સ્થાન લેશે.

નવી નીતિ મુજબ તેલ અને ગેસ ક્ષેત્રો વ્યાપારી રીતે નફાકારક રહે તે શરતે કરારો ૩૦ વર્ષના એક કે તેથી વધુ હપ્તામાં લંબાવી શકાશે. જોકે, આ માટે કંપનીઓએ સરકારનો વધેલો મહેસૂલ હિસ્સો, લઘુત્તમ કામગીરીના ધોરણો અને રોકાણની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવી ફરજિયાત રહેશે. વિસ્તૃત સમયગાળા દરમિયાન નફા પેટ્રોલિયમમાં સરકારનો હિસ્સો વધારવામાં આવ્યો છે. પ્રથમ ૧૦ વર્ષ માટે સામાન્ય પીએસસી જોગવાઈઓ ઉપરાંત સરકારને ૧૦ ટકા, આગામી ૧૦ વર્ષ માટે ૫ ટકા અને ત્યારબાદના ૧૦ વર્ષ માટે ૨.૫ ટકા વધારાનો હિસ્સો મળશે. ત્યારપછી સામાન્ય જોગવાઈઓ લાગુ પડશે.

આ સુધારેલી નીતિમાં રાજસ્થાનના આરજે-ઓએન-૯૦/૧ અને એસજીએલ, આસામ-મિઝોરમના ડીઆઈઆરકેઓ



એએપી-ઓએન-૯૪/૧ અને એએ-ઓએનજે/૨ તેમજ ગુજરાતના તારાપુર, પાલેજ-પ્રમોદા અને સીબી-ઓએન/૩ સહિત કુલ સાત બ્લોકનો સમાવેશ થાય છે. કોન્ટ્રાક્ટરોએ મૂળ કરાર સમાપ્ત થાય તેના ઓછામાં ઓછા બે વર્ષ પહેલાં અરજી કરવાની રહેશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ હાઇડ્રોકાર્બન્સ (DGH) છ મહિનામાં ભલામણ કરશે અને સરકાર ત્રણ મહિનામાં અંતિમ નિર્ણય લેશે.

વિસ્તરણ ઇચ્છતી કંપનીઓએ થર્ડ-પાર્ટી રિઝર્વ ઓડિટ દ્વારા બાકી રહેલા રિકવરીપાત્ર અનામતની પુષ્ટિ કરવી પડશે. પાંચ મિલિયન બેરલથી વધુ અનામત ધરાવતા ક્ષેત્રો માટે ડીજીએચ માન્ય આંતરરાષ્ટ્રીય સલાહકાર દ્વારા ઓડિટ ફરજિયાત છે. આ ઉપરાંત કંપનીઓએ છેલ્લા ૧૦ વર્ષમાં મંજૂર થયેલા કુવાઓના ઓછામાં ઓછા ૭૦ ટકા ખોદકામ અથવા ઉત્પાદન લક્ષ્યાંકના ૭૦ ટકા સિદ્ધિ દર્શાવવી પડશે. તમામ કાનૂની લેણાં ચૂકવવા ઉપરાંત વાર્ષિક અંદાજિત ખર્ચના ૧૦ ટકા રકમ બેંક ગેરંટી તરીકે જમા કરાવવી પડશે અને પ્રવર્તમાન દરે રોયલ્ટી તથા સેસ ચૂકવવાના રહેશે. જો કોન્ટ્રાક્ટરો શરતો પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય અથવા નવી નીતિ ન સ્વીકારે, તો સરકાર તે વિસ્તારો ઓએનજીસી (ONGC) કે ઓઈલ ઇન્ડિયા લિમિટેડ જેવી રાષ્ટ્રીય કંપનીઓને સોંપી શકશે અથવા 'જેમ છે-જ્યાં-છે'ના ધોરણે ફરીથી બોલી મંગાવી શકશે. કોન્ટ્રાક્ટરોને નિયમ ૫૧ હેઠળ મધ્યસ્થીનું સ્થળ પસંદ કરવાની છૂટ અપાઈ છે. જોકે, ૨૦૧૭ની નીતિ હેઠળ અગાઉ મંજૂર થયેલા કરારો તેમની નિર્ધારિત મુદત સુધી યથાવત રહેશે, પરંતુ ત્યારબાદના તમામ નવા વિસ્તરણો આ સુધારેલી નીતિ હેઠળ જ ગણાશે.

કોટા-ઉદયપુર હાઈવે પર ભયાનક અકસ્માત: એક જ પરિવારના ૯ શ્રદ્ધાળુઓના કરુણ મોત

કોટા, તા. ૨૨

રાજસ્થાનના કોટા-ઉદયપુર હાઈવે પર શંભુપુરા નજીક મધ્યરાત્રિએ એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક જ પરિવારના નવ લોકોના મોત નીપજ્યા છે અને અન્ય સાત લોકો ઘાયલ થયા છે. કોટાના અધિક જિલ્લા કલેક્ટર રાજેશ જોશીના જણાવ્યા અનુસાર, ૧૬ શ્રદ્ધાળુઓને લઈ જતું વાહન રસ્તાની બાજુમાં પાર્ક કરેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાયું હતું.



આ તમામ શ્રદ્ધાળુઓ ખાતુ શ્યામ મંદિરના દર્શન કરીને મહારાષ્ટ્ર પરત ફરી રહ્યા હતા. અકસ્માત સમયે પરિવારના કુલ પાંચ વાહનો સાથે હતા, જેમાંથી બે વાહનો પાછળ રહી ગયા હતા. એક મહિલાએ ફોન પર અકસ્માતની જાણ કરતા પરિવારના અન્ય સભ્યો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

હાલમાં ઘાયલોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે અને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહો પરિવારને સોંપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજસ્થાનના ચુરુ જિલ્લાના સાદુલપુર વિસ્તારમાં પણ ટ્રોલી અને કાર વચ્ચે થયેલી ટક્કરમાં એક જ પરિવારના છ સભ્યોના મોત થયા હતા.

જો ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોય, તો મફત રાશન કેમ બંધ નથી કરતા? : કોંગ્રેસ

નવી દિલ્હી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૫૦ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા હોવાના દાવા પર કોંગ્રેસે આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ નેતા ઉદિત રાજે પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, જો ખરેખર ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોય, તો સરકાર તેમના બીપીએલ કાર્ડ, પાંચ કિલો મફત રાશન અને ખેડૂત સન્માન નિધિ જેવા લાભો કેમ બંધ નથી કરતી? આ યોજનાઓ



બંધ કરવાથી બચતી રકમનો ઉપયોગ શિક્ષણ, શિષ્યવૃત્તિ વધારવા અને નવા છાત્રાલયો બનાવવા માટે થવો જોઈએ. તેમણે આ દાવાને ખુલ્લેઆમ જૂઠાણું ગણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે શનિવારે આઈઆઈટી ખડગપુરની કૌસ્તુભ જયંતિની ઉજવણીને સંબોધતા પીએમ મોદીએ વિશ્વ બેંકના અહેવાલને ટાંકીને છેલ્લા ૧૨-૧૩ વર્ષમાં આશરે ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે અગાઉની સરકારો પર નિશાન સાધતા કહ્યું હતું કે અગાઉ માત્ર દસ્તાવેજો ફાઇલ થતા હતા, જ્યારે વર્તમાન સરકારે શૌચાલય નિર્માણ જેવા નક્કર પગલાં લઈ ગરીબોના જીવનમાં વાસ્તવિક સુધારો લાવી 'સશક્તિકરણ માટે શક્તિ'ના સિદ્ધાંતને સાર્થક કર્યો છે.


પુલના ઉદ્ઘાટન બાદ રાજકારણ ગરમાયું

બિહારમાં "નીતીશ સેતુ"ના ઉદઘાટન બાદ RJD સમર્થકોએ પોસ્ટરો ફાડ્યા

'તેજસ્વી યાદવ ઝિંદાબાદ'ના નારા સાથે પોસ્ટર ફાડી નાખ્યાં

પટણા, તા. ૨૨

બિહારમાં રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કચ્છી દરગાહ-બિદુપુર પુલ એટલે કે 'નીતીશ સેત'નું ઉદ્ઘાટન કરાયા બાદ રાજ્યનું રાજકારણ ગરમાયું છે. પીએમ મોદીના



કાર્યક્રમ બાદ તરત જ સ્થાનિક આરજેડી (RJD) સમર્થકોએ પુલ પર ભારે હોબાળો મચાવ્યો હતો. તેજસ્વી યાદવના વિધાનસભા મતવિસ્તાર રાઘોપુરને જોડતા આ પુલ પર લગાવેલા વડાપ્રધાનના પોસ્ટરો યુવાનોએ 'તેજસ્વી યાદવ ઝિંદાબાદ'ના નારા સાથે ફાડી નાખ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

પુલના નામકરણ અને તેના નિર્માણના શ્રેયને લઈને શાસક પક્ષ અને વિપક્ષ આમને-સામને આવી ગયા છે. તેજસ્વી યાદવે પુલનું નામ અક્ષયવત રાય અથવા ગુરુ ગોવિંદ સિંહના નામ પર રાખવાની માંગ કરતા આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકારે આ પ્રોજેક્ટ માટે કોઈ ભંડોળ આપ્યું નથી. આરજેડી આ પુલને પોતાની સિદ્ધિ ગણાવી રહી છે. બીજી તરફ, કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહે આરજેડીના દાવાઓને ફગાવી દીધા હતા. પ્રશાંત કિશોરે પણ સ્પષ્ટ કર્યું હતું કે આ પુલના નિર્માણમાં આરજેડી કે ભાજપનો નહીં, પરંતુ માત્ર મુખ્યમંત્રી નીતીશ કુમારના પ્રયાસોનો ફાળો છે. હાલ આ મુદ્દે બિહારમાં આરોપ-પ્રત્યારોપનો દોર તેજ બન્યો છે.

શિસ્ત સાથે સંગઠનને ૧૦૦ વર્ષ ચલાવવું એ મોટી આધ્યાત્મિક સાધના છે : મોહન ભાગવત

નવી દિલ્હી, તા. ૨૨

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સ્થાપક માતા ભગવતી દેવી શર્માના જન્મ શતાબ્દી સમારોહમાં આરએસએસના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે જણાવ્યું કે, સંગઠનને ૧૦૦ વર્ષ સુધી શિસ્તબદ્ધ રીતે ચલાવવું એ મોટી આધ્યાત્મિક સાધના છે. આજે સમગ્ર વિશ્વ સમસ્યાઓના ઉકેલ માટે ભારતીય સંસ્કૃતિ તરફ જોઈ રહ્યું છે. આ પ્રસંગે સ્મારક ટપાલ ટિકિટનું અનાવરણ કરાયું હતું. ધર્મ અને સમાજ પર મોહન ભાગવતનું સંબોધન આ વીડિયોમાં તમે મોહન ભાગવતના ધર્મ, સમાજ અને રાષ્ટ્રીય વિચારો અંગેના સંબોધનની ઝલક જોઈ શકો છો.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૨૩-૧૧-૨૦૨૬

લાઠી તાલુકાના વિરપુરમાં ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે નવા પંચાયત ભવનનું લોકાર્પણ

લાઠી,તા.૨૨



લાઠી તાલુકાના વિરપુર ગામે નવા પંચાયત ભવનનું લોકાર્પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને જિલ્લા પંચાયતના સદસ્ય સંજયભાઈ તારપરાના હસ્તે આજે કરવામાં આવ્યું હતું. ગામના વહીવટી કાર્યોને વધુ સુવ્યવસ્થિત અને સરળ બનાવવા તેમજ ગ્રામજનોને પંચાયતલક્ષી સેવાઓ સ્થાનિક સ્તરે જ સરળતાથી મળી રહે તે દિશામાં નવા પંચાયત ભવનનું નિર્માણ મહત્વપૂર્ણ સાબિત થશે. આ પ્રસંગે જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ગામડાઓનો સર્વાંગી અને સુવિધાસભર વિકાસ એ સરકારની વિકાસયાત્રાનું મહત્વનું અંગ છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોડ, પાણી, શિક્ષણ, આરોગ્ય, પંચાયત ભવન સહિતની માળખાકીય સુવિધાઓને સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચ, આગેવાનો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બગસરા પંથકના જળાશયો અને ચેકડેમોમાં 'સૌની' યોજના હેઠળ પાણી છોડવા તાલુકા પંચાયત પ્રમુખની રજૂઆત

બગસરા,તા.૨૨



બગસરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના જળાશયો તથા ચેકડેમોમાં 'સૌની' યોજના અંતર્ગત તાત્કાલિક પાણી છોડવા બગસરા તાલુકા પંચાયતના પ્રમુખ રમેશભાઈ સતાસીયાએ અમરેલી સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવાયું છે કે, બગસરા પંથકમાં અપૂરતી સિંચાઈ વ્યવસ્થાના કારણે ખેતીના પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેથી ખેડૂતોને બિયારણ, ખાતર અને મજૂરીનો ખર્ચ માથે પડે તેમ છે. તદુપરાંત, જળાશયોમાં પાણીના અભાવે પશુધન માટે ઘાસચારાની ગંભીર સમસ્યા સર્જાવાની શક્યતા છે.બગસરા તાલુકાના પીઠડીયા, માવજીંજવા, ડેરી પીપરીયા, મુંજીયાસર, રફાળા, શાપર, સુડાવડ, લુંધીયા અને કાગદડી ગામોમાં સૌની યોજનાના વાલ્વ આવેલા છે. જો આ વિસ્તારોના ચેકડેમો અને તળાવોમાં નર્મદાના નીર છોડવામાં આવે, તો હજારો એકરમાં ઊભા પાકને નવું જીવનદાન મળી શકે તેમ છે. ખેડૂતો અને પશુધનના વ્યાપક હિતને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવાય તેવી માંગ કરવામાં આવી છે.

ધારાસભ્ય જે.વી. કાકડીયાના ફાઉન્ડેશન દ્વારા ૧૦૧ દીકરીઓના સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન

ધારી,તા.૨૨



ધારી-ખાંભા-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાના 'જે. વી. કાકડીયા ફાઉન્ડેશન-ટ્રસ્ટ' દ્વારા આર્થિક અને પારિવારિક રીતે નબળા પરિવારોની દીકરીઓ માટે એક ઉમદા પહેલ કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા 'દીકરીનો કરિયાવર–૨૦૨૭' અંતર્ગત ૧૦૧ દીકરીઓના સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું ભવ્ય આયોજન જાહેર કરાયું છે. સમાજની દીકરીઓ સન્માન અને જાહોજલાલી સાથે લગ્નનો પ્રસંગ માણી શકે તથા સામાજિક એકતા મજબૂત બને તેવા આશયથી આ સેવાકીય કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૨



અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્યો હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ વિકાસલક્ષી પ્રશ્નો અને રજૂઆતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. વાસ્મોની પાણી વેરા પ્રોત્સાહન યોજના હેઠળ જિલ્લા પંચાયતને રાજ્ય સરકાર તરફથી રૂ.૩૪.૫૪ લાખનો ચેક અર્પણ કરાયો હતો. એન્ટિબાયોટિક દવાઓનો ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર ઉપયોગ ન કરવા શપથ લેવાયા હતા.

બાબરા પોલીસે એક મહિનાથી ગુમ થયેલ યુવતીને કેશોદના પ્રાંસલી ગામેથી શોધી પરિવારને સોંપી

બાબરા, તા.૨૨

બાબરા શહેરના કરિયાણા રોડ વિસ્તારમાંથી છેલ્લા એક મહિનાથી ગુમ થયેલી ૧૯ વર્ષીય યુવતીને શોધી કાઢવામાં બાબરા પોલીસની સર્વેલન્સ ટીમને મહત્ત્વપૂર્ણ સફળતા મળી છે. કરિયાણા રોડ પર રહેતી રૈતનાબેન મહેશભાઈ ખીમસુરિયા એક મહિના પૂર્વે રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ હતી. આ મામલે બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એમ.એમ. ગમારાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી સઘન શોધખોળ ચલાવતા યુવતી જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના પ્રાંસલી ગામે હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી યુવતીને સુરક્ષિત રીતે શોધી કાઢી હતી અને તેના પરિવારજનોને સોંપી સુખદ મિલન કરાવ્યું હતું.

ધારીમાં તુલસી વિવાહ સંપન્ન; વાજતે-ગાજતે નીકળી ઠાકોરજીની જાન

ધારી,તા.૨૨



ધારીના કોળીપરા વિસ્તારમાં રહેતા પંકજભાઈના નિવાસસ્થાનેથી સોળે શણગાર સજીને વાજતે-ગાજતે ઠાકોરજીની ભવ્ય જાનનું પ્રસ્થાન થયું હતું. મેઈન બજારમાંથી પસાર થઈને આ જાન મુન્નાભાઈ ભાદરવાના નિવાસસ્થાને પહોંચી હતી, જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત લગ્નગીતો ની રમઝટ અને રૂડા મંડપ વચ્ચે અત્યંત મંગલમય અને ભક્તિસભર વાતાવરણમાં શાસ્ત્રોક્ત વિધિ સાથે તુલસી વિવાહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

અમરેલી ગ્રામ પંચાયત ચૂંટણીની વોર્ડવાઈઝ મતદાર યાદીમાં વિસંગતતા અંગે પ્રતાપ દુધાતની રજૂઆત

રાજ્ય ચૂંટણી આયોગ અને જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત વાંધો ઉઠાવાયો

અમરેલી,તા.૨૨



અમરેલી જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણીના વોર્ડ સીમાંકન તથા ઘર-વાઈઝ મતદાર યાદીમાં ગંભીર વિસંગતતાઓ હોવાના મુદ્દે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે રાજ્ય ચૂંટણી આયોગ અને જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત વાંધો ઉઠાવ્યો છે. રજૂઆત મુજબ, નિયમો વિરુદ્ધ વોર્ડ દીઠ મતદારોની સંખ્યામાં મોટો તફાવત છે અને ભૌગોલિક સળંગતા જાળવવાને બદલે એક જ શેરી, ફળિયા કે પરિવારના બાજુ-બાજુના ઘરોને અલગ-અલગ વોર્ડમાં વહેંચી દેવાયા છે. વધુમાં, ૦૭/૧૧/૨૦૨૬ થી પંચાયતના નોટિસ બોર્ડ પર મતદાર યાદી જાહેર નિરીક્ષણ માટે મૂકવાની સૂચના હોવા છતાં હજુ સુધી પ્રસિદ્ધ ન કરાતા નાગરિકો વાંધા-સૂચનો રજૂ કરવાથી વંચિત રહી શકે છે. આથી, તમામ વિસંગતતાઓ તાત્કાલિક દૂર કરી પારદર્શક રીતે મતદાર યાદી પ્રસિદ્ધ કરવા અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા પ્રતાપ દુધાતે માંગ કરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં
મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૯૭ / ૨૦૨૬
મુદત તારીખ - ૩૦ / ૧૧/૨૦૨૬

અરજદાર :- ભીખુભાઈ લવજીભાઈ સુબા
રહે.મું-રાજુલા,તા. રાજુલા,જી. અમરેલી
-વિધ્વાન વકીલ શ્રી- એસ. બી. ભાલીયા,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, વિઠલપુર ગ્રામ પંચાયત કચેરી
મું-વિઠલપુર,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભીખુભાઈ લવજીભાઈ સુબા,રહે. રહે. મું -રાજુલા,તા. રાજુલા,જી. અમરેલી વાળાએ તેમના મોટા બા સ્વ.કેસરબેન મોહનભાઈ સુબા નુ મૃત્યુ તા.૨૧/૦૮/૧૯૬૦ ના રોજ વિઠલપુર તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ. આર. ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી. ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન. એન. પંડયા) (રજીસ્ટ્રાર) એડી. ચિફ. જયુડી. મેજી. કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં
મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૯૯/ ૨૦૨૬
મુદત તારીખ - ૩૦ / ૧૧/૨૦૨૬

અરજદાર :- ભીખુભાઈ લવજીભાઈ સુબા
રહે.મું -રાજુલા,તા. રાજુલા,જી, અમરેલી
-વિધ્વાન વકીલ શ્રી- એસ. બી. ભાલીયા,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,. વિઠલપુર ગ્રામ પંચાયત કચેરી
મું-વિઠલપુર તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભીખુભાઈ લવજીભાઈ સુબા રહે. રહે.મું -રાજુલા,તા. રાજુલા,જી. અમરેલી વાળાએ તેમના પિતાશ્રી સ્વ. લવજીભાઈ મુળજીભાઈ સુબાનુ મૃત્યુ તા. ૧૫/૦૭/૧૯૭૫ ના રોજ વિઠલપુર,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ. આર. ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી. ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન. એન. પંડયા) (રજીસ્ટ્રાર) એડી. ચિફ. જયુડી. મેજી. કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં
મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.:-૧૯૮/૨૦૨૬
મુદત તારીખ :- ૩૦/૧૧/૨૦૨૬

અરજદાર :- ભીખુભાઈ લવજીભાઈ સુબા,
રહે.રાજુલા ઠે.બ્રાહમણ સોસો. રેલ્વે પાટા પાછળ,તા.રાજુલા, જી.અમરેલી.
વિધ્વાન વકીલ શ્રી - એસ.બી.ભાલીયા.
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, વિઠલપુર,
મું.વિઠલપુર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ.

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભીખુભાઈ લવજીભાઈ સુબા, રહે. રાજુલા ઠે.બ્રાહમણ સોસોયટી રેલ્વે પાટા પાછળ,તા.રાજુલા, જી.અમરેલી વાળાએ તેમના મોટાબાપા મોહનભાઈ મુળજીભાઈ સુબાનુ અવસાન તારીખ-૧૦/૦૫/૧૯૯૮ ના રોજ વિઠલપુર મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મરણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ - ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનઅચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી ((એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ કલાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન. એન. પંડયા) (રજીસ્ટ્રાર) એડી. ચિફ. જયુડી. મેજી. કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં
મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.:-૧૯૬/૨૦૨૬
મુદત તારીખ :- ૩૦/૧૧/૨૦૨૬

અરજદાર :- ભીખુભાઈ લવજીભાઈ સુબા,
રહે.રાજુલા ઠે.બ્રાહમણ સોસો. રેલ્વે પાટા પાછળ, તા.રાજુલા, જી.અમરેલી.
વિધ્વાન વકીલ શ્રી - એસ.બી.ભાલીયા.
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, વિઠલપુર,
મું.વિઠલપુર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ.

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભીખુભાઈ લવજીભાઈ સુબા, રહે.રાજુલા ઠે.બ્રાહમણ સોસોયટી રેલ્વે પાટા પાછળ, તા.રાજુલા, જી.અમરેલી વાળાએ તેમના દાદાશ્રી સ્વ.મુળજીભાઈ ગોવિંદભાઈ સુબાનુ અવસાન તારીખ-૧૦/૦૮/૧૯૯૫ ના રોજ વિઠલપુર મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મરણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ - ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનઅચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ કલાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન. એન. પંડયા) (રજીસ્ટ્રાર) એડી. ચિફ. જયુડી. મેજી. કોર્ટ, કોડીનાર

બગસરામાં ખેડૂતના તબેલામાં ભીષણ આગ: ૩. ૧૦ લાખનો ઘાસચારો બળીને ખાખ

બગસરા, તા.૨૨

બગસરામાં ઘુડેસિયા જવાના માર્ગ પર આવેલા ખેડૂતના તબેલામાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ફાટી નીકળતાં અંદાજે ૩. ૧૦ લાખનો ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનાને પગલે ખેડૂતને ભારે આર્થિક નુકસાન થયું છે.



મળતી માહિતી મુજબ, રવિવારે સવારે આશરે ૯ વાગ્યાના અરસામાં હર્ષદભાઈ વિઠ્ઠલભાઈ હિરાણીના તબેલામાં આવેલા પતરાના શેડમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં શેડમાં સંગ્રહિત ઘાસચારો આગની લપેટમાં આવી ગયો હતો.

ઘટનાની જાણ થતાં બગસરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જોકે, આગ વધુ ફેલાતાં અમરેલી ફાયર વિભાગની મદદ લેવામાં આવી હતી. બંને ટીમોએ સતત ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને આંશિક કાબૂમાં લીધી હતી. આગમાં આશરે ૩૦૦ પશુઓનો ઘાસચારો બળીને નાશ પામતાં ખેડૂતને મોટું નુકસાન થયું છે.

સાવરકુંડલા-લીલીયાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ.૯.૩૭ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને વેગ આપવા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ.૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વંડા-મેકડા રોડ પર રૂ.૨.૨૫ કરોડ, મેકડા-ઈંગોરાળા રોડ પર રૂ.૧.૫૦ કરોડ, મેકડા-આંકોલડા માર્ગ પર રૂ.૧.૫૦ કરોડ તથા ફાચરિયા ગામે રૂ.૧૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે મેકડા-શેલાણા રોડ પર રૂ.૬૫ લાખ, વંડા-ફાચરિયા-ખાલપર માર્ગ પર રૂ.૨ કરોડ, ફાચરિયામાં રૂ.૬૦ લાખના સુવિધા પથ તેમજ મેકડા ખાતે રૂ.૫ લાખના નવા બસ સ્ટેન્ડનું લોકાર્પણ અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીઓ અને ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



બાબરાના ધુધરાળા ખાતે સમસ્ત અનુસૂચિત જાતિ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

બાબરા, તા.૨૨

સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ દ્વારા સામાજિક એકતા, ભાઈચારો અને શૈક્ષણિક જાગૃતિ વધારવાના હેતુથી સ્નેહમિલન સમારોહ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૩ નવેમ્બર, સોમવારના રોજ સવારે ૯:૦૦ કલાકે ધુધરાળા સ્થિત એસ.કે. બદહાણી હાઈસ્કૂલ ખાતે યોજાશે. જેમાં સમાજના અગ્રણીઓ, યુવાનો અને વડીલો ઉપસ્થિત રહી શિક્ષણ અને સર્વાંગી ઉત્થાન અંગે ચર્ચા કરશે. કાર્યક્રમ બાદ ભોજન સમારંભ પણ યોજાશે.

ચલાલામાં તુલસી વિવાહ સાથે શ્રી મોગલ માનવસેવા ટ્રસ્ટનો ૫૦મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન

ચલાલા, તા.૨૨

ચલાલા શહેરમાં શ્રી મોગલ માનવસેવા ટ્રસ્ટ દ્વારા સાઈ મંદિરના સાનિધ્યમાં તુલસી વિવાહ સાથે ૫૦મા સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓનાં લગ્ન ધાર્મિક માહોલ અને સેવાભાવના વાતાવરણમાં સંપન્ન થયાં હતાં.



ટ્રસ્ટના પ્રમુખ રાજુદાદા જાનીએ આ આયોજનની સફળતાને આઈ મોગલમાના આશીર્વાદ, શ્રદ્ધા, સબૂરી અને દાન મહારાજની અસીમ કૃપાનું ફળ ગણાવ્યું હતું. આ પ્રસંગે મહાવીરબાપુ, હર્ષદબાપુ ભગત, મયૂરબાપુ સહિત સંતો-મહંતો તેમજ ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી જિલ્લામાં ગુલાબી ઠંડીનો ચમકારો

અમરેલી,તા.૨૨

અમરેલી શહેર અને ગ્રામ્ય પંથકમાં શિયાળાએ તેનો મિજાજ દેખાડવાનું શરૂ કર્યું છે. ગત રાત્રિથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ઠંડીનું જોર વધતાં વિવિધ ચોકમાં લોકોએ તાપણાં કરીને ઠંડીથી રક્ષણ મેળવ્યું હતું.

અવસાન નોંધ

ચલાલા

સ્વ.કાનજીભાઈ ચૌહાણનું તા.૨૧/૧૧/૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૯ કલાકે દુઃખદ અવસાન થયેલ છે. તે ગૌતમભાઈ ચૌહાણ અને ભાજપના મહામંત્રી અશોકભાઈ ચૌહાણના પિતાશ્રી થાય છે.

અમરેલી આઈ.ટી.આઈ. ખાતે દીક્ષાંત સમારોહનું આયોજન

અમરેલી, તા.૨૨

અમરેલી આઈ.ટી.આઈ. ખાતે દીક્ષાંત સમારોહ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર તાલીમાર્થીઓનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમારોહમાં જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ, આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ ડો. ભટ્ટ, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા તેમજ એસ.એચ.વી. એનર્જી કંપની તરફથી અન્સારી ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી. આ કાર્યક્રમથી તાલીમાર્થીઓમાં ઉત્સાહ અને પ્રેરણાનો સંચાર થયો હતો.

૬ ડિસેમ્બરે રાજુલામાં આંબેડકર સર્કલ ખાતે રક્તદાન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૨૨

ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે આગામી ૬ ડિસેમ્બરના રોજ રાજુલામાં પ્રથમ વખત રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજુલાના આંબેડકર સર્કલ ખાતે સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં ભાઈઓ, બહેનો, યુવાનો અને વડીલોને જોડીને રક્તદાન પ્રત્યે જાગૃતિ લાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. ખાસ કરીને બહેનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. જય ભીમ યુવા ગ્રુપ (રાજુલા, જાફરાબાદ, ખાંભા) અને સમતા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજુલા દ્વારા આયોજિત આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ જોડાય તેવી આયોજકોએ અપીલ કરી છે.









-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.:-૨૦૦/૨૦૨૬

મુદત તારીખ :- ૩૦/૧૧/૨૦૨૬

અરજદાર :- ભીખુભાઈ લવજીભાઈ સુબા, રહે.રાજુલા ઠે.બ્રાહમણ સોસો. રેલ્વે પાટા પાછળ,તા.રાજુલા, જી.અમરેલી. વિધ્વાન વકીલ શ્રી - એસ.બી.ભાલીયા.

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, વિઠલપુર, મું.વિઠલપુર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ.

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભીખુભાઈ લવજીભાઈ સુબા, રહે. રાજુલા ઠે.બ્રાહમણ સોસોયટી રેલ્વે પાટા પાછળ, તા.રાજુલા, જી.અમરેલી વાળાએ તેમના માતૃશ્રી સ્વ.પ્રભાબેન લવજીભાઈ સુબાનુ અવસાન તારીખ-૨૨/૦૩/૧૯૬૮ ના રોજ વિઠલપુર મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મરણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલા હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ - ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનઅચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી ((એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ)

મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ કલાર્ક)

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.

ફો.પ.અ.નં.૧૩૮/૨૦૨૬

સમજુબેન વાલજીભાઈ બાલધા રહે.ધ્રાબાવડ, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી ધ્રાબાવડ ગ્રામપંચાયત .....સામાવાળા

અરજદારના વિ.વકીલ શ્રીઃ-એસ.બી.ભાલીયા

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૩૮/૨૦૨૬થી જન્મનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર સમજુબેન વાલજીભાઈ બાલધા નાઓ એ તેમના પુત્ર લાલજીભાઈ વાલજીભાઈ બાલધા નાઓનું જન્મનું પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખઃ-૦૮/૧૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઈ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૪ માહે નવેમ્બર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (આર.એ.ઝાલા) આસીસ્ટન્ટ મુખ્ય સિવિલ કોર્ટ, ગીર ગઢડા

કોર્ટનો (સિક્કો)

હુકમથી સહી (એસ.પી.ચાવડા) રજીસ્ટ્રાર, મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા

-:: જાહેર નોટીસ ::-

ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.

ફો.પ.અ.નં.૧૪૮/૨૦૨૬

દીનેશભાઈ નાનજીભાઈ વઘાસીયા રહે.ઉમેદપરા, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી ઉમેદપરા ગ્રામપંચાયત .....સામાવાળા

અરજદારના વિ.વકીલ શ્રીઃ-એસ.બી.ભાલીયા

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૪૮/૨૦૨૬ થી જન્મનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર દીનેશભાઈ નાનજીભાઈ વઘાસીયા નાઓ એ તેમના બહેન ગીતાબેન નાનજીભાઈ વઘાસીયા નાઓનું જન્મનુ પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખઃ-૨૩/૧૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઈ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૦ માહે નવેમ્બર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (આર.એ.ઝાલા) આસીસ્ટન્ટ મુખ્ય સિવિલ કોર્ટ, ગીર ગઢડા

કોર્ટનો (સિક્કો)

હુકમથી સહી (ડી.જી.પરમાર) રજીસ્ટ્રાર, મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા

સાવરકુંડલામાં તુલસી વિવાહના પર્વ ટાણે જ આખલા યુદ્ધ જામ્યું: શિવશક્તિ અને નાગનાથ સોસાયટી વચ્ચે અફરાતફરી

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલા શહેરમાં તુલસી વિવાહના પવિત્ર પર્વની ઉજવણી વચ્ચે રખડતા ઢોરનો ત્રાસ ફરી એકવાર સામે આવ્યો છે. શહેરની શિવશક્તિ સોસાયટી અને નાગનાથ સોસાયટી વચ્ચેના જાહેર માર્ગ પર બે આખલાઓ વચ્ચે ભીષણ યુદ્ધ જામતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે ભય તથા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



મળતી વિગતો અનુસાર, બંને સોસાયટી વચ્ચેના રસ્તા પર બે આખલા સામસામે આવી જતાં એકબીજા પર તૂટી પડ્યા હતા. આખલાઓની આ હિંસક લડાઈના કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો થંભી ગયા હતા અને રાહદારીઓ જીવ બચાવવા આઘાપાછા થઈ ગયા હતા. આ દરમિયાન સ્થાનિક રહીશ નિલેશભાઈએ હિંમત દાખવી લાકડીની મદદથી બંને આખલાઓને છૂટા પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આખલાઓ ઉશ્કેરાયેલા હોવાથી ભારે જહેમત બાદ પરિસ્થિતિ થાળે પડી હતી.સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે, તહેવારના દિવસે જ જાહેર માર્ગ પર બનેલી આ ઘટનાને પગલે નગરપાલિકા તંત્ર દ્વારા રખડતા પશુઓના ત્રાસમાંથી કાયમી મુક્તિ અપાવવા નક્કર કાર્યવાહી કરાય તેવી માંગ ઉઠી છે.

કુકાવાવના નવા વાઘણીયામાં તુલસી વિવાહ મહોત્સવનું ભવ્ય આયોજન

કુંકાવાવ,તા.૨૨

કુકાવાવ તાલુકાના નવા વાઘણીયા ગામના જડેશ્વર મહાદેવ મંદિરે ૨૧ નવેમ્બરના રોજ દેવ ઉઠી એકાદશીના દિવસે તુલસી વિવાહનું આયોજન મહંત શ્રી ૧૦૮ સુખરામદાસ બાપુ તેમજ કમલદાસ બાપુ દ્વારા કરવામાં આવ્યું હતું. તુલસી માતાજીના યજમાન નીતાબેન-કૌશિકભાઈ કવૈયા (જસદણ) તેમજ બીજા તુલસી



માતાજીના યજમાન ગીતાબેન તેમજ રાજેશભાઈ ઠુમર (કોલડા) અને ભગવાન શાલીગ્રામના યજમાન (નવા વાઘણીયા)ના રાજીબેન-રવજીભાઈ સાનિયા અને અમદાવાદથી ઈલાબેન રાજેશભાઈ ડોડીયા હતા. આ અવસરે બ્લડ ડોનેશન કેમ્પ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તુલસી વિવાહમાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર રોકડીયા બાપુ તેમજ રામાયણી મહંત શ્રી નિર્મોહી દાસજી તેમજ રાજકીય મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મોટી સંખ્યામાં ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો.

અમરેલી જિલ્લામાં નશાની હાલતમાં ફરતા ૮ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશનના કાયદાના અમલ માટે પોલીસે સઘન ઝુંબેશ હાથ ધરી છે, જેમાં તા. ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ જુદા-જુદા વિસ્તારોમાંથી નશાની હાલતમાં જાહેરમાં ફરતા ૮ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. ધારી પોલીસે કરમદડીથી ભરતભાઈ ખીમાણીયા, ડુંગર પોલીસે મોરંગી પ્લોટથી હરીભાઈ ખુમાણ અને ડુંગર ગેટ પાસેથી રામભાઈ બારૈયા (ઉ.વ. ૫૪) ને પકડી પાડ્યા હતા.આ ઉપરાંત જાફરાબાદ ટાઉન પોલીસે મીઠી વાવ પાસેથી જયેશભાઈ ભાલીયા, અમરેલી રૂરલ પોલીસે મોટા આંકડીયાથી રાજેશભાઈ દેસાઈ તથા રાજુલા પોલીસે મોટા આગરીયાથી ભરતભાઈ પરમાર, હિંડોરણાથી છગનભાઈ બાંભણીયા અને રાજુલાથી યુનુસભાઈ જાખરા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

કવિ કાગબાપુની ૧૨૩મી જન્મજયંતિએ ભાવનગરમાં ગુંજશે કાગવાણીના સૂરો

અમરેલી,તા.૨૨

ભાવનગર ખાતે લોકસાહિત્યના અમર સર્જક કવિ દુલા ભાયા કાગબાપુની ૧૨૩મી જન્મજયંતિ નિમિત્તે કવિશ્રી દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ભવ્ય લોકડાયરા 'કાગ વંદના'નું આયોજન કરવામાં આવ્યું છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સહયોગથી તથા શામળદાસ કોલેજના સથવારે તા. ૨૫ નવેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે અટલ ઓડિટોરિયમ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી કેમ્પસ ખાતે કાર્યક્રમ યોજાશે.

કાર્યક્રમમાં કવિ વિનોદ જોષી બીજવક્તવ્ય આપશે અને ભગવતદાન ગઢવી સંચાલન કરશે. રાજભા ગઢવી, જીજ્ઞેશ કુંચાલા,



પરેશદાન ગઢવી અને ધરમભાઈ વંકાણી સહિતના કલાકારો લોકસંગીતની પ્રસ્તુતિ કરશે. આ પ્રસંગે કુલપતિ ભરત બી. રામાનુજ, ડો. ઈન્દ્ર ગઢવી અને આચાર્ય વિશ્વાસ જોશી ઉપસ્થિત રહેશે. કાગબાપુના સાહિત્યિક વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી યોજાનારા આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે. ટ્રસ્ટના રાજવીરભાઈ કાગે ભાવનગરના લોકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

અમરેલી જિલ્લામાં ૨૭ નવેમ્બરથી મતદારયાદી સુધારણા કાર્યક્રમ શરૂ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર કરવામાં આવ્યો છે. તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખને ધ્યાને રાખીને તા. ૨૭ નવેમ્બરથી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી આ કાર્યક્રમ યોજાશે. આ દરમિયાન નવા મતદારો નામ નોંધણી કરાવી શકશે તેમજ મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. તા. ૨૯ નવેમ્બર, ૬ અને ૧૩ ડિસેમ્બરે ખાસ ઝુંબેશ યોજાશે. આ દિવસોમાં જિલ્લાના ૧,૩૯૫ મતદાન મથકો પર સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી બીએલઓ ફોર્મ સ્વીકારશે. ઓનલાઈન નોંધણી માટે વોટર હેલ્પલાઈન એપ અને ચૂંટણી પંચની વેબસાઈટનો ઉપયોગ કરી શકાશે. વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરવા જિલ્લા ચૂંટણી અધિકારીએ અપીલ કરી છે.

સાવરકુંડલાના વાંશીયાળી ગામે જગ્યા મુદ્દે મારામારી: સામસામી ફરિયાદ

અમરેલી,તા.૨૨

સાવરકુંડલા તાલુકાના વાંશીયાળી ગામે ગેલેરીની જગ્યાના ઉપયોગ અને મકાનના ચણતર કામ મામલે ચાર શખ્સોએ એકસંપ થઈ લાકડી અને લોખંડના પાઈપ વડે હુમલો કર્યાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, વાંશીયાળીના રહેવાસી ફરિયાદી પ્રેમજીભાઈ ડાયાભાઈ બગડા (ઉં.વ. ૫૫) એ પોતાના મકાનની પાછળ આવેલી માલિકીની ગેલેરીની જગ્યા બાજુમાં મકાનનું ચણતર કરી રહેલા હસુભાઈ ભીમજીભાઈ બગડાને વાપરવા આપી હતી.તા. ૨૧/૧૧/૨૬ ના રોજ સવારે દસેક વાગ્યે આરોપીઓ વશરામભાઈ, જીતુભાઈ, અજયભાઈ અને કમલેશભાઈએ આવી ગેલેરીની ચારેક ફૂટ જગ્યા પોતાની હોવાનું કહી દૂર બાંધકામ કરવા જણાવ્યું હતું. ફરિયાદી અને સાહેદ નથુભાઈએ જગ્યા હસુભાઈને વાપરવા આપી હોવાનું કહેતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી હતી. ત્યારબાદ આરોપી અજયભાઈએ પાઈપ વડે ફરિયાદીને પીઠ અને ડાબા પગમાં, જ્યારે વશરામભાઈ અને જીતુભાઈએ લાકડી-પાઈપ વડે સાહેદ નથુભાઈ અને મધુભાઈ કરશનભાઈને પગમાં માર માર્યો હતો. વચ્ચે પડેલા કંચનબેન અને મધુબેનને ધક્કામુક્કીમાં પીઠના ભાગે મૂઢ ઈજા થઈ હતી. આરોપી જીતુભાઈએ બાંધકામ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તો સામાપક્ષે જીતુભાઈ વશરામભાઈ બગડા (ઉં.વ. ૩૬) ના મકાન પાછળ હસુભાઈ ભીમજીભાઈ બગડાએ ચણતર કામ શરૂ કરતાં ગેલેરીની જગ્યા પોતાની હોવાનું કહી ફરિયાદીએ વાંધો ઉઠાવ્યો હતો. હસુભાઈએ જગ્યા પ્રેમજીભાઈ પાસેથી વાપરવા લીધી હોવાનું કહેતાં પ્રેમજીભાઈએ આવી ચારેક ફૂટ જગ્યા પોતાની હોવાનું જણાવી ગાળો આપી હતી. બાદમાં પ્રેમજીભાઈએ પાઈપથી સાથળ પર, નથુભાઈએ ઢીકાપાટુથી અને મધુભાઈએ લાકડીથી પગમાં માર મારી ધક્કો મારતાં કપાળમાં ઈજા થઈ હતી તથા જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી.બંને પક્ષની ફરિયાદને લઈ વંડા પોલીસે તપાસ હાથ ધરી છે.

સાવરકુંડલાના દોલતી ગામે વાડીમાં ઘૂસી યુવક પર ૧૩ શખ્સોનો હુમલો

અમરેલી,તા.૨૨

સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે જૂની અદાવતનું મનદુઃખ રાખી ૧૩ શખ્સોએ વાડીમાં ગેરકાયદે પ્રવેશ કરી ફરિયાદી અને સાહેદ પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, તા. ૨૧/૧૧/૨૬ ના રોજ બપોરે ૦૨/૩૦ વાગ્યે ફરિયાદી રાજવીરભાઈ મનુભાઈ ચાંદુ (ઉં.વ. ૨૩, રહે. ગોરડકા) તથા સાહેદ પ્રતાપભાઈ આપાભાઈ ચાંદુ તેમના સંબંધી દાદુભાઈ નાથાભાઈ ચાંદુની વાડીએ બેઠા હતા. આરોપીઓને દાદાભાઈ નાથાભાઈ ચાંદુ અને શૈલેષભાઈ સાથે સારા સંબંધ ન હોવાથી મનદુઃખ રાખી ૧૩ આરોપીઓએ એકસંપ કરી હથિયારો સાથે વાડીમાં પ્રવેશ કર્યો હતો. આરોપી નં. ૧ એ કુહાડી અને નં. ૨ એ લોખંડની પાઈપ વડે ફરિયાદીને માથામાં, જ્યારે નં. ૩ એ પાવડા વડે ડાબા પગના નળામાં ઈજા પહોંચાડી હતી. અન્ય આરોપીઓએ ઢીકાપાટુનો માર મારતા ફરિયાદ નોંધાઈ છે.

જૂની અદાવતનું મનદુઃખ રાખી પ્રાણઘાતક હથિયારો સાથે ગેરકાયદે મંડળી રચી હુમલો કર્યાની ફરિયાદ

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદશ
તા.૨૩-૧૧-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૪૯,
સૂર્યાસ્ત-૦૭:૦૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર:ભરણી

દૈનિક રાશિફળ

તા.૨૩-૧૧-૨૦૨૬ સોમવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. લાંબા સમય પછી કોઈ જૂના મિત્રને મળશો.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકર: લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે.

કુકાવાવના નાજાપુરમાં સાસરીયાઓના ત્રાસથી પરિણીતાએ કર્યો આપઘાત

પતિ, સાસુ અને જેઠ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો

અમરેલી,તા.૨૨

વડીયા તાલુકાના નાજાપુર ગામે પરિણીતાએ ઝેરી પ્રવાહી પી આપઘાત કર્યા બાદ પતિ, સાસુ અને જેઠ સામે ગુનો નોંધાયો છે. પ્રાપ્ત માહિતી મુજબ, નાની કુંકાવાવના ફરિયાદી નાથાભાઈ મેઘાભાઈ જાદવ (ઉં.વ. ૬૨) ની દીકરી કૈલાસબેનના ૧૯ વર્ષ પહેલાં નાજાપુરના મુકેશભાઈ દાનાભાઈ દાફડા સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિ મુકેશભાઈ, સાસુ ચંપાબેન અને જેઠ રમેશભાઈ અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવા છતાં સંસાર ટકાવવા તે સહન કરતી હતી. ઝઘડો કરી માર મારવા સહિતના ત્રાસથી મરવા મજબૂર કરતા તા. ૨૦/૧૧/૨૦૨૬ ના સાંજે આશરે છ વાગ્યે કૈલાસબેને સાસરે ઝેરી પ્રવાહી પી લેતાં મોત નીપજ્યું હતું. આ મામલે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

રાજુલાના ચાંચ અને સાવરકુંડલામાંથી દેશી દારૂ સાથે બે ઝડપાયા

પીપાવાવ મરીન અને સાવરકુંડલા ટાઉન પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં દેશી દારૂના વેચાણ અને હેરફેર સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે, જેમાં તા. ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ અલગ-અલગ બે સ્થળેથી દેશી દારૂ સાથે બે આરોપીઓ ઝડપાયા છે. પ્રથમ બનાવમાં, પીપાવાવ મરીન પોલીસે ચાંચ ગામના ગેટ પાસેથી વાકડુ વિસ્તારના રમેશભાઈ બાબુભાઈ બારૈયા (ઉં.વ. ૪૦) ને ૨ લિટર દેશી દારૂ (કિંમત રૂ. ૪૦૦) સાથે ઝડપી પાડ્યા હતા.બીજા બનાવમાં, સાવરકુંડલા ટાઉન પોલીસે ગીરધરવાવ લીલાપીરની ધાર પાસેથી નુરઝાબેન તાજુભાઈ સુલતાનભાઈ લાડક (ઉં.વ. ૩૬) ને ૮ લિટર દેશી દારૂ તથા કેન સહિત કુલ રૂ. ૧,૬૧૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી બંને સામે પ્રોહિબિશન હેઠળ ગુનો દાખલ કર્યો છે.

અમરેલી જિલ્લામાં જાહેરમાં નશાની હાલતમાં ફરતા ૯ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા પોલીસે દારૂબંધીના કડક અમલ માટે હાથ ધરેલી ઝુંબેશ અંતર્ગત ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ના રોજ અલગ-અલગ વિસ્તારોમાંથી જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા કુલ ૯ શખ્સોને ઝડપી પાડ્યા છે.જેમાં જાફરાબાદ મરીન અને ટાઉન પોલીસે શિયાળબેટના માનસંગભાઈ શિયાળ, જાફરાબાદના પ્રવીણભાઈ ઉર્ફે કાળી સોલંકી તથા મીતીયાળાના હિંમતભાઈ પરમારને પકડી પાડ્યા હતા. જ્યારે ખાંભા પોલીસે બોરાળાના જયેશભાઈ મકવાણા તેમજ રાણીંગપરાની વાડીએ રહેતા વિષ્ણુ શર્મા, સુરેન્દ્રસિંહ રાવત અને નારાયણલાલ ભીલને નશાની હાલતમાં ઝડપી લીધા હતા.આ ઉપરાંત, ધારીના પ્રેમપરામાંથી દિનેશભાઈ સુદરાસણા અને રાજુલાના મફતપરા વિસ્તારમાંથી સલુભાઈ વાઘેલા પણ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બાબરાના દરેડ ગામે પુત્રને ગાળો આપવાની ના પાડનાર પિતાને માર માર્યો

અમરેલી,તા.૨૨

બાબરા તાલુકાના દરેડ ગામે પુત્રને ગાળો આપવા બાબતે ઠપકો આપવાનું મનદુઃખ રાખી પિતા-પુત્રએ યુવક પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, દરેડ ગામના રહેવાસી અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ફરિયાદી જગદીશભાઈ રાઘવભાઈ ડેરવાળીયા (ઉં.વ. ૪૫) ના પુત્રને આરોપી કલ્પેશભાઈ દિનેશભાઈએ ગાળો આપી હતી, જે અંગે ફરિયાદીએ ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનદુઃખ રાખી ગત તા. ૧૮/૧૧/૨૬ ના રોજ ફરિયાદી ઘરેથી બહાર નીકળ્યા ત્યારે આરોપી દિનેશભાઈ રાઘવભાઈએ લાકડાનો ધોકો લઈ 'તેં મારા દીકરાને કેમ ઠપકો આપ્યો' તેમ કહી ગાળો આપી ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. જ્યારે કલ્પેશભાઈએ લોખંડના પાઈપ વડે વાસામાં અને ડાબા હાથના પંજામાં ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આરોપી પિતા-પુત્રનો લાકડાના ધોકા અને લોખંડના પાઇપ વડે હુમલો

જાફરાબાદ અને લીલીયામાં નશાની હાલતમાં બાઈક ચલાવતા બે શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં નશાની હાલતમાં વાહન ચલાવનારાઓ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે, જેમાં જાફરાબાદ અને લીલીયામાંથી બે શખ્સો ઝડપાયા છે. પ્રથમ બનાવમાં, તા. ૨૧/૧૧/૨૬ ના રાત્રે ૨૦/૧૦ વાગ્યે જાફરાબાદ ટાઉન પોલીસે વઢેરા તળાવ વિસ્તારના ધીરુભાઈ બચુભાઈ પરમાર (ઉં.વ. ૫૦) ને કેફી પીણું પીધેલી હાલતમાં બાઈક (GJ-14-BE-6032) ચલાવતા પકડી પાડ્યા હતા.બીજા બનાવમાં, તા. ૨૧/૧૧/૨૬ ના બપોરે લીલીયા ટાઉનના સનાળીયા રોડ પરથી પોલીસે કુતાણા ગામના દીલુભાઈ કાવાભાઈ પરમાર (ઉં.વ. ૩૨) ને નશાની હાલતમાં અને ડ્રાઈવિંગ લાઈસન્સ વગર બાઈક (GJ 05 FA 3069) ચલાવતા ઝડપી લીધા હતા. બંને પોલીસ સ્ટેશનોમાં ગુનો દાખલ કરાયો છે.

પોલીસે પ્રોહિબિશન અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ

તંત્રી લેખ

દેવ દિવાળીની સાથે જ ગુલાબી ઠંડીનું આગમન

શિયાળો હવે ગુજરાતના આંગણે આવીને બેસી ગયો છે. દેવઉઠી એકાદશી પછી તો લોકો કહે છે કે શિયાળો બેસી ગયો, અને આ વખતે પણ એ કહેવત સાચી પડી હોય એવું લાગે છે. દિવસે તડકો હજુ લાગે છે, પણ એ તડકામાં હવે ઉનાળા જેવી આકરી ગરમી નથી. સવાર અને સાંજના સમયે હવામાં જે ઠંડક અનુભવાય છે એ મનને એક અલગ જ તાજગી આપે છે. રસ્તા પર સવારે ચાલવા નીકળતા લોકોના ચહેરા પર હવે એક નવી સ્ફૂર્તિ દેખાય છે. ચાની લારી પર ભીડ વધી છે, ગરમાગરમ ચાની ચૂસકી સાથે લોકો ઠંડીની વાતો કરતા થઈ ગયા છે. બાળકો સવારે શાળાએ જતી વખતે હવે સ્વેટર પહેરવા લાગ્યા છે. વડીલો સાંજે વહેલા ઘરમાં આવી જાય છે અને તાપણાની આસપાસ બેસીને જૂની વાતો યાદ કરે છે.

ગુજરાતની ઋતુઓનું પોતાનું એક આગવું સૌંદર્ય છે. ચોમાસું જાય એટલે આકાશ સ્વચ્છ થઈ જાય. વાદળો વિખેરાઈ જાય અને સૂર્યનો પ્રકાશ વધુ નિર્મળ લાગવા માંડે. ખેતરોમાં લીલોતરી હજુ તાજી હોય છે. રસ્તાની બંને બાજુ વૃક્ષો પર પાન હજુ લીલા હોય છે, પણ હવામાં એક સુકાઈ ગયેલી, ચોખ્ખી સુગંધ આવવા લાગે છે. આ સમય એવો છે જ્યારે પ્રકૃતિ પોતે પણ થોડી શાંત થઈ જાય છે. પવનની દિશા બદલાય છે. ઉત્તર દિશામાંથી આવતા પવનો પોતાની સાથે દૂરના પહાડોની ઠંડક લઈને આવે છે. એ પવનો જ્યારે ગુજરાતના મેદાનો પરથી પસાર થાય છે ત્યારે આખું વાતાવરણ ઠંડું થઈ જાય છે. સાંજ પડે ત્યારે આકાશમાં એક ગુલાબી રંગ છવાઈ જાય છે અને રાત પડતા જ તારાઓ વધુ ચમકતા દેખાય છે. આ ઠંડી માત્ર તાપમાનનો ઘટાડો નથી, એ એક અનુભવ છે, એક લાગણી છે જે દરેક ગુજરાતીના જીવનમાં દર વર્ષે નવી યાદો લઈને આવે છે.

આવતા દિવસોમાં ઠંડી હજુ થોડી વધશે એવી શક્યતા છે. ડિસેમ્બર અને જાન્યુઆરી તો શિયાળાના સાચા મહિના ગણાય છે. ત્યારે ઠંડી પોતાના પૂરા રંગમાં હશે. ધુમ્મસ વધશે, સવાર વધુ ઠંડી લાગશે અને રાત લાંબી લાગશે. પણ આ ઠંડી આપણને ડરાવતી નથી, એ આપણને ગમે છે. ગુજરાતીઓને શિયાળો વહાલો છે, કારણ કે શિયાળામાં જીવન વધુ જીવંત લાગે છે. ઉત્સવો, લગ્નો, મેળાઓ, પ્રવાસો અને ખાણીપીણી, બધું શિયાળામાં વધુ માણવા મળે છે. કચ્છનું સફેદ રણ, ડાંગનું જંગલ, સાપુતારાની ટેકરીઓ, ગિરનારની તળેટી, આ બધી જગ્યાઓ શિયાળામાં જ વધુ સુંદર લાગે છે. લોકો પરિવાર સાથે ફરવા નીકળે છે અને નવી યાદો બનાવે છે. ઋતુ બદલાઈ છે અને એ બદલાવને આપણે આવકારવો જોઈએ.

સુપર પાવર અમેરિકા સામે જબરદસ્ત પડકાર

દુનિયાના નકશા પર એક અદૃશ્ય રેખા દોરાઈ રહી છે. એક બાજુ અમેરિકા અને પશ્ચિમી લોકશાહી દેશો છે; બીજી બાજુ ચીન, રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયા છે. તેમની વચ્ચે સહી કરેલો કરાર કે જાહેર લશ્કરી જોડાણ નથી. છતાં તેમના હિતો અને અસંતોષ એક જ દિશામાં આગળ વધી રહ્યા છે. તેઓ ગાઢ મિત્રો નથી, પણ એટલું નકારી શકાય નહીં કે તેઓ એકબીજાના દુશ્મનના દુશ્મન છે. અમેરિકાની આગેવાની પ્રત્યેનો અસંતોષ તેમને નજીક લાવે છે. સત્તાઓ વચ્ચે વિશ્વાસ તૂટ્યો છે, નિયમો પર સહમતી ઘટી છે અને દરેક દેશ પોતાની સુરક્ષા પોતાની રીતે શોધી રહ્યો છે. આવી સ્થિતિમાં મોટા નેતાઓની મુલાકાત માત્ર તસવીર નથી રહેતી; તે સંદેશ બની જાય છે કે વિશ્વનું સંચાલન હવે માત્ર એક કેન્દ્રથી નહીં થાય.

લશ્કરી સહયોગની સૌથી સ્પષ્ટ ઝલક રશિયા-યુક્રેન યુદ્ધમાં મળે છે. રશિયા ઈરાની ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. શરૂઆતમાં ડ્રોન સીધા ઈરાનથી આવતા હતા; પછી રશિયાએ તેમનું ઉત્પાદન શરૂ કર્યું. આજે ડિઝાઈન ઈરાની છે, કેટલાક મહત્ત્વના ભાગ ચીનમાંથી આવે છે અને તેનો ઉપયોગ રશિયન સેના કરે છે. આ સાંકળમાં ત્રણ દેશો જોડાયા છે. તે સીધી જાહેરાત નથી, પણ પ્રભાવશાળી છે.

આ સહયોગમાં ઉત્તર કોરિયાની ભૂમિકા ચોંકાવનારી છે. યુક્રેન યુદ્ધમાં લડવા માટે લગભગ સોળ હજાર સૈનિકો રશિયા તરફ મોકલ્યા હોવાની માહિતી સામે આવી છે. આ માત્ર સંખ્યા નથી; તે મોટા બદલાવનો સંકેત છે. અત્યાર સુધી પોતાની સરહદમાં સીમિત રહેતો દેશ હવે યુરોપના યુદ્ધમાં ભાગ લઈ રહ્યો છે. બદલામાં તેને આર્થિક મદદ, ખોરાક, ઈંધણ અને લશ્કરી ટેકનોલોજી મળે છે. તેના મજૂરો રશિયન કારખાનાંમાં કામ કરે છે. આ સોદો બંને પક્ષને ફાયદો કરે છે, પણ વિશ્વ માટે ચિંતાજનક છે.

ચીનની ભૂમિકા સૌથી અલગ છે. તે સીધી લશ્કરી મદદ આપવાથી બચે છે, જેથી તેના પર સીધો આરોપ ન લાગે. પણ પરોક્ષ રીતે તે ઘણી મદદ કરે છે: યંત્રભાગ, કેમિકલ, નક્કર ઈંધણ, ઉપગ્રહ માહિતી અને ચૂકવણી વ્યવસ્થા. આ સહયોગ એટલો ખુલ્લો નથી કે પકડાય, પણ એટલો છૂપો પણ નથી કે અવગણાય. ચીન ઉતાવળ કરતું નથી, સીધા ટકરાવમાં માનતું નથી; ધીમે ધીમે પોતાની સ્થિતિ મજબૂત કરે છે.



આર્થિક સહયોગ આ ધરીની બીજી મજબૂત કડી છે. પશ્ચિમે રશિયા પર પ્રતિબંધ લગાવ્યા, ત્યારે ચીને રશિયન તેલની ખરીદી વધારી. ઈરાની તેલ પ્રતિબંધોને થાપ આપતાં જહાજો દ્વારા ચીન પહોંચે છે. જહાજો ઓળખ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

છુપાવે, નામ બદલે અને તેલ બદલે છે. ચીનની ચૂકવણી વ્યવસ્થા ડોલર વગર વેપાર કરવાનો રસ્તો આપે છે. આ સહયોગ માત્ર તેલ પૂરતો નથી; ખોરાક, દવાઓ, ટેકનોલોજી, મજૂરો અને નાણાકીય વ્યવસ્થા સુધી ફેલાયો છે. જે પ્રતિબંધો એક સમયે દેશોને ઝુકાવી દેતા હતા, તે આજે એટલા અસરકારક રહ્યા નથી.

કૂટનીતિના મોરચે પણ આ ચાર દેશો એકસૂર બોલે છે. સંયુક્ત રાષ્ટ્રમાં તેઓ એકસાથે મતદાન કરે છે. રશિયા-ચીનનો વીટો યુક્રેન કે અન્ય મુદ્દે કડક પગલાં રોકે છે. તેઓ પશ્ચિમી લોકશાહીને નબળી પાડતાં કથનોને પ્રોત્સાહન આપે છે. સોશિયલ મીડિયા અને આંતરરાષ્ટ્રીય મંચો પર એક જ પ્રકારના સંદેશા ફેલાવે છે: પશ્ચિમ સ્વાર્થી છે, નિયમો થોપે છે અને યુદ્ધ માટે જવાબદાર છે. આનો હેતુ બીજા દેશોને વિકલ્પની હાજરી દેખાડવાનો છે.


પશ્ચિમી દેશો પોતાની આંતરિક સમસ્યાઓમાં ગૂંચવાયેલા છે. અમેરિકામાં ચૂંટણીનું રાજકારણ છે; યુરોપમાં આર્થિક મંદીની ચિંતા છે. દરેક દેશને પોતાના લોકોની નારાજગીનો ડર છે. આવી સ્થિતિમાં દૂરના ખતરા પર ધ્યાન આપવું મુશ્કેલ બને છે. વધુમાં, પશ્ચિમ હજુ માને છે કે આર્થિક દબાણથી આ દેશો ઝૂકી જશે. પણ હકીકત એ છે કે તેમણે દબાણ સામે ટકી રહેવાની રીત શીખી લીધી છે અને પરસ્પર મદદથી પ્રતિબંધો નબળા કર્યા છે.

આ પરિસ્થિતિ ભારત માટે મહત્ત્વની છે. ભારત અમેરિકા સાથે સારા સંબંધો ઈચ્છે છે; રશિયા સાથે જૂની મિત્રતા છે,ચીન સાથે સરહદનો વિવાદ પણ છે અને વેપાર પણ; ઈરાન સાથે ઊર્જા અને ચાબહાર બંદરના હિતો છે. તેથી ભારતે સ્વતંત્ર વિદેશ નીતિ જાળવવી પડશે. કોઈ એક ધરીમાં જોડાવું ભારત માટે યોગ્ય નથી. ચીન-રશિયાની નિકટતા દક્ષિણ એશિયામાં શક્તિનું સંતુલન બદલી શકે છે. એટલે ભારતે સેના, અર્થવ્યવસ્થા અને કૂટનીતિ ત્રણેય મજબૂત રાખવી પડશે. ભારતે કોઈ એક પક્ષે ઊભા રહ્યા વિના વાસ્તવિક હિતોને પ્રાથમિકતા આપવી પડશે.

આ ધરીને રોકવા માટે માત્ર પ્રતિબંધો પૂરતા નથી. પશ્ચિમે પોતાની લોકશાહી વધુ મજબૂત કરવી પડશે, સાથીઓ સાથે વિશ્વાસ વધારવો પડશે અને નાના દેશોને વિશ્વાસ અપાવવો પડશે કે નિયમો આધારિત વ્યવસ્થા જ તેમના માટે સૌથી સલામત છે. માત્ર લશ્કરી શક્તિ કે આર્થિક દબાણથી ઉકેલ આવશે નહીં. આંતરરાષ્ટ્રીય સહકાર, આર્થિક ન્યાય અને રાજદ્વારી સમજદારી જ સ્થિર વિશ્વવ્યવસ્થાનો માર્ગ બની શકે છે.

દુનિયા હવે બે સ્પષ્ટ ભાગમાં નહીં, પણ અનેક છૂપા જોડાણોમાં વહેંચાઈ રહી છે. ચીન, રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયાનું જોડાણ માત્ર હથિયાર કે તેલનો સોદો નથી; તે વિચારધારાનો સહયોગ છે. તે વિચારધારા કહે છે કે પશ્ચિમી નિયમો બધા માટે સરખા નથી અને તેમને પડકારવા જોઈએ. જો પશ્ચિમ સજાગ રહેશે, એકજૂથ રહેશે અને મૂલ્યો પર અડગ રહેશે, તો આ ધરીને કાબૂમાં રાખી શકાશે. જો પશ્ચિમ નિષ્ફળ જશે તો આ ધરી વધુ મજબૂત બનશે અને વિશ્વ વધુ અસ્થિર બનશે. ભવિષ્યનો ઈતિહાસ આજના નિર્ણયો પરથી લખાશે. એટલે આ માત્ર સમાચારનો મુદ્દો નહીં, આવતી પેઢીના ભવિષ્યનો મુદ્દો છે.

વૈચારિક મતભેદ : વિચારો જુદા હોઈ શકે, સંબંધો નહીં !



માનવજીવનમાં દરેક વ્યક્તિની વિચારવાની, સમજવાની અને અભિવ્યક્તિ કરવાની રીત અલગ હોય છે. દરેક વ્યક્તિનો ઉછેર, સંસ્કાર, અનુભવ, અભ્યાસ અને જીવન પ્રત્યેનો અભિગમ જુદો હોય છે. તેથી બે વ્યક્તિઓના વિચારો એકસરખા હોય તે જરૂરી નથી. જ્યાં બે વ્યક્તિઓ ભેગાં થાય છે ત્યાં વિચારોનું આદાનપ્રદાન થાય છે અને ક્યારેક વૈચારિક મતભેદ પણ સર્જાય છે. હકીકતમાં મતભેદ એ જીવનનો સ્વાભાવિક ભાગ છે, પરંતુ મતભેદને મનભેદમાં ફેરવી દેવા એ આપણી સમજણની ખામી છે.

એક જ પરિવારના સભ્યો, એક જ સંગઠનમાં કામ કરતા કાર્યકરો, એક જ વિચારધારામાં માનતા લોકો કે વર્ષોથી સાથે રહેતા મિત્રો વચ્ચે પણ વૈચારિક મતભેદ હોઈ શકે છે. પ્રશ્ન એ નથી કે આપણા વિચારો કેટલા જુદા છે, પરંતુ પ્રશ્ન એ છે કે જુદા વિચારો હોવા છતાં આપણે એકબીજાનો કેટલો આદર જાળવી શકીએ છીએ.



મનન ચિંતન
ભરત બાવીશી

વૈચારિક મતભેદ એ વિકાસની નિશાની છે, જ્યારે મનભેદ એ સંબંધોના પતનની શરૂઆત છે.

લોકશાહીની સૌથી મોટી સુંદરતા જ એ છે કે અહીં દરેક વ્યક્તિને પોતાનો મત રજૂ કરવાનો અધિકાર છે. જો દરેક વ્યક્તિ એકસરખું જ વિચારતી હોત તો ચર્ચા, સંવાદ, વિચારમંથન અને નવીનતાને કોઈ સ્થાન જ ન હોત. ક્યારેક આપણાથી જુદો વિચાર ધરાવતી વ્યક્તિ આપણને જીવનની એવી હકીકત સમજાવી જાય છે, જેનો આપણે ક્યારેય વિચાર પણ કર્યો ન હોય. એટલે જ વિપરીત વિચારોને સાંભળવાની તૈયારી હોવી જોઈએ.

પરંતુ આજના સમયમાં એક વિચિત્ર માનસિકતા જોવા મળે છે. જે વ્યક્તિ આપણા વિચારો સાથે સહમત થાય તે આપણને સારી લાગે છે અને જે વ્યક્તિ અસહમત થાય તેને આપણે વિરોધી માની લઈએ છીએ. કોઈ વ્યક્તિ આપણી વાતનો વિરોધ કરે તો આપણે તેને વ્યક્તિગત અપમાન સમજી બેસીએ છીએ. ચર્ચા ધીમે ધીમે દલીલમાંથી આક્ષેપમાં અને આક્ષેપમાંથી સંબંધોના અંત સુધી પહોંચી જાય છે.

યાદ રાખવું જોઈએ કે કોઈ વ્યક્તિના વિચારો સાથે અસહમત થવાનો અર્થ એ નથી કે તે વ્યક્તિ ખરાબ છે. વ્યક્તિ અને તેના વિચારો બંનેને અલગ રાખવાની સમજણ જ સાચી પરિપક્વતા છે.

પરિવાર હોય કે સમાજ, શિક્ષણ સંસ્થા હોય કે સંગઠન, દરેક જગ્યાએ સંવાદનું મહત્ત્વ સૌથી વધારે છે. કોઈ નિર્ણય સાથે અસહમતિ હોય તો તેનો વિરોધ ચોક્કસ કરો, પરંતુ વિરોધની ભાષા સભ્ય હોવી જોઈએ. કોઈની વાત ખોટી લાગે તો દલીલથી સમજાવો, અપમાનથી નહીં. કારણ કે શબ્દોનો ઘા ક્યારેક વર્ષો જૂના સંબંધોને પણ તોડી નાખે છે.

સંગઠનમાં તો ખાસ કરીને વ્યક્તિગત અહંકાર કરતાં સામૂહિક હિતને પ્રાધાન્ય આપવું જોઈએ. હોદ્દો, પ્રતિષ્ઠા કે વ્યક્તિગત પસંદગી કરતાં સંગઠનનો હેતુ મોટો હોવો જોઈએ. નિર્ણયમાં મતભેદ હોઈ શકે, પરંતુ હેતુમાં એકતા હોવી જોઈએ. કારણ કે સંગઠનની તાકાત દરેક વ્યક્તિના એકસરખા વિચારોમાં નહીં, પરંતુ જુદા જુદા વિચારોને સાથે લઈને ચાલવાની ક્ષમતામાં રહેલી છે.


જીવનમાં એક વાત હંમેશાં યાદ રાખવા જેવી છે કે સંબંધો જીતવા માટે દલીલોમાં જીતવું જરૂરી નથી. ક્યારેક પોતાની વાતને વિરામ આપીને બીજાની વાત સાંભળવી એ પણ એક મોટી જીત હોય છે.

અંતે એટલું જ કે વિચારોની લડાઈમાં સંબંધોનું બલિદાન ન આપીએ. અસહમતિ વ્યક્ત કરીએ, પરંતુ આદર ગુમાવીએ નહીં. વિરોધ કરીએ, પરંતુ વેર ન રાખીએ. કારણ કે વિચારો બદલાઈ શકે છે, પરિસ્થિતિઓ બદલાઈ શકે છે, પરંતુ સારા સંબંધો અને માનવીય મૂલ્યો જીવનની સાચી મૂડી છે.

વિચારોના આકાશમાં ભલે દિશાઓ જુદી હોય, સંબંધોની ધરતી પર લાગણીઓ એકસરખી હોય. મતભેદ રાખીએ પણ મનભેદ ના થવા દઈએ,વિચારો જુદા હોય છતાં હૃદયથી જોડાયેલા રહીએ.

પરંપરાગત ખેતીને પ્રાકૃતિક અભિગમ અને મૂલ્યવર્ધનથી વ્યવસાયમાં પરિવર્તિત કરતો યુવાન ખેડૂત

૪૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા લોકોએ ક્યારેક શાંતિથી બેસીને પોતાના બાળપણને યાદ કરવું જોઈએ. બાળપણમાં આપણે દસિયું અને પાવલીના નામે ઓળખતા સિક્કાઓ આજે ભણેલા-ગણેલા લોકોની ભાષામાં ૧૦ પૈસા અને ૨૫ પૈસા કહેવાય છે. પરંતુ એ દસિયા અને પાવલીમાં જે આનંદ હતો, જે ખુશી હતી, એ કદાચ આજે લાખો રૂપિયા હોવા છતાં પણ ન મળે. આજની પેઢીનાં બાળકોને કદાચ એ નાનકડા સિક્કાઓની કિંમત સમજાય નહીં, કારણ કે આધુનિકતાની દોડમાં આપણે એટલા આગળ નીકળી ગયા છીએ કે સંબંધો, સંપત્તિ અને સંસ્કારોનું સાચું મૂલ્ય ક્યાંક પાછળ રહી ગયું છે.





આજે સમાજમાં એક વિચિત્ર માનસિકતા જોવા મળે છે. જે માણસ દિવસ-રાત પરિશ્રમ કરીને પોતાની મહેનતના પરસેવાથી કમાણી કરે છે, તે ક્યારેક મોટી ગાડીઓમાં ફરતા અને શૂટ-બૂટ પહેરતા લોકો સામે ઊભા રહેતાં સંકોચ અનુભવે છે. સામાન્ય ખેડૂત હોવાની લાગણી તેને ક્યારેક નાનો હોવાનો અહેસાસ કરાવે છે. પરંતુ હકીકત એ છે કે ધરતીનું સંતાન ખેડૂત કોઈનાથી ઊતરતો નથી. પોતાની મહેનત અને ઈમાનદારીથી મેળવેલી સંપત્તિનું મૂલ્ય કોઈની દેખાદેખીથી ઓછું થતું નથી.

ખેડૂતોએ હવે બિચારાપણું અને વેવલાપણું છોડીને સ્વાભિમાન સાથે જીવવાની જરૂર છે. જ્ઞાતિ-જાતિના વાડામાંથી બહાર આવીને ખેડૂત તરીકે સંગઠિત બનશે, એકબીજાની પડખે ઊભા રહેશે અને પોતાની ખેતપેદાશોનું મૂલ્યવર્ધન કરતાં શીખશે ત્યારે જ દુનિયા ખેડૂતની સાચી તાકાત અને કિંમત ઓળખશે.



ગાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

આજે વાત કરવી છે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વાવ કંપા ગામના એક એવા યુવાન ખેડૂતની, જેમણે ખેતીને માત્ર વારસાગત વ્યવસાય નહીં, પરંતુ આર્થિક સ્વનિર્ભરતાનું માધ્યમ બનાવ્યું છે. આ યુવાન ખેડૂત છે કેતનભાઈ જશુભાઈ પટેલ.

કેતનભાઈની ઉંમર ૪૦ વર્ષ છે અને તેઓ ૩૨ વીઘા જમીન ધરાવે છે. ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા પછી શહેરમાં નોકરી કે વ્યવસાયની શોધમાં જવાને બદલે તેમણે પોતાના બાપદાદાની જમીન સંભાળવાનો નિર્ણય કર્યો. ખેતીને વ્યવસાય તરીકે અપનાવીને પોતાની મહેનતથી આર્થિક રીતે પગભર બનવાનું સ્વપ્ન જોયું અને આજે તેઓ એ દિશામાં સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે.

કેતનભાઈના પિતા જશુભાઈએ વર્ષ ૨૦૦૦થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. ખેતીનો ખર્ચ ઘટાડવો, જમીનની ફળદ્રુપતા જાળવવી અને જમીનને જીવંત રાખવી એ તેમનો મુખ્ય હેતુ હતો. પિતાએ શરૂ કરેલી આ વિચારધારાને કેતનભાઈએ આગળ વધારી અને આજે પોતાની ૩૨ વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. શરૂઆતના પડકારો હોવા છતાં તેમણે આ પદ્ધતિ છોડી નથી.

તેઓ જણાવે છે કે ચોમાસા દરમિયાન ખેતરમાં નિંદામણની સમસ્યા ઊભી થાય છે. ખાસ કરીને ખેતમજૂરોની અછતને કારણે પાકની વચ્ચે ઊગી નીકળતાં નિંદામણને નિયંત્રિત કરવું મુશ્કેલ બને છે. કેટલીક વખત દાંતીરાપ કરીને તેનો ઉકેલ લાવવો પડે છે. તેમ છતાં જમીનનું આરોગ્ય જાળવવા અને લોકોને શુદ્ધ તથા સારો ખોરાક પૂરો પાડવાના ઉદ્દેશથી તેઓ પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે. તેમનો વિશ્વાસ છે કે આજે નહીં તો કાલે ગ્રાહકો પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોનું મહત્ત્વ સમજશે અને ખેડૂતોને પણ તેમના ઉત્પાદનના યોગ્ય ભાવ મળશે.

કેતનભાઈ માત્ર પોતાની ખેતી પૂરતા સીમિત નથી. ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે સંગઠનની જરૂરિયાત પણ સમજે છે. તેઓ માને છે કે ખેડૂતોએ સંગઠિત થઈને એફપીઓ (FPO) બનાવવાં જોઈએ, જેથી ખેતપેદાશોના વેચાણમાં વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટે અને ખેડૂતોને યોગ્ય ભાવ મળી શકે. આ દિશામાં તેઓ ધામ અરવલ્લી SPNF સાથે જોડાઈને આશરે ૩૫૦ ખેડૂતોને જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેમાંથી ૨૭ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

કેતનભાઈની ખેતીની વિશેષતા એ છે કે તેઓ માત્ર કાચી ખેતપેદાશોનું વેચાણ કરતા નથી, પરંતુ તેનું મૂલ્યવર્ધન કરીને ગ્રાહકો સુધી પહોંચાડે છે. મગફળીમાંથી સીંગદાણા, સીંગતેલ અને ખારી સીંગ, દેશી તથા કાબુલી ચણામાંથી ચણાનો લોટ, મગ અને અડદમાંથી દાળ, તલમાંથી તલનું તેલ અને તલનો મુખવાસ બનાવે છે. આ ઉપરાંત સરગવાનાં પાનનો પાવડર, લસણ અને વિવિધ મોસમી શાકભાજીનું ઉત્પાદન તથા વેચાણ પણ કરે છે.

તેમના ખેતરમાં રીંગણ, બટાકા, ટીંડોળા, કારેલા, દૂધી, ટામેટાં સહિતનાં અનેક શાકભાજીનું વાવેતર થાય છે. ખેતરની શેઢાપાડે પણ વિવિધ વૃક્ષો વાવીને તેમાંથી ઉત્પાદન મેળવવાનો પ્રયાસ કર્યો છે. જાસૂદનાં ફૂલોનો પાવડર બનાવીને તેનું વેચાણ કરવું એ પણ તેમની ખેતીની આગવી વિશેષતા છે.

આ તમામ ઉત્પાદનોના વેચાણ માટે સ્થાનિક સ્તરે પ્રાકૃતિક હાટ શરૂ કરવામાં આવ્યો છે. અમદાવાદની સૃષ્ટિ સંસ્થા સાથે જોડાઈને પણ તેઓ પોતાની ખેતપેદાશોનું વેચાણ કરી રહ્યા છે. આમ, ઉત્પાદનથી લઈને પ્રોસેસિંગ, પેકિંગ અને માર્કેટિંગ સુધીની વ્યવસ્થામાં તેઓ જાતે જ જોડાઈને ખેતીને નફાકારક વ્યવસાય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

કેતનભાઈ પટેલની સફર આપણને એક મહત્ત્વનો સંદેશ આપે છે કે ખેતીમાં સફળ થવા માટે માત્ર વધુ ઉત્પાદન કરવું પૂરતું નથી. ખેતીને વ્યવસાય તરીકે જોવી પડશે, ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરવું પડશે, સંગઠન ઊભું કરવું પડશે અને બજાર સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવો પડશે.

આજે જ્યારે યુવાનો શહેરો તરફ દોડી રહ્યા છે ત્યારે વાવ કંપા ગામના કેતનભાઈ જેવા યુવાનો ગામડામાં રહીને પણ આર્થિક રીતે પગભર બની શકાય છે તેનું જીવંત ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. બાપદાદાની જમીનને સાચવીને, પ્રાકૃતિક ખેતીને અપનાવીને અને ખેતપેદાશોમાં મૂલ્યવર્ધન કરીને તેઓ નવી પેઢી માટે પ્રેરણારૂપ બન્યા છે.

ખરેખર, ખેડૂતની ઓળખ તેની ગાડી કે કપડાંથી નહીં, પરંતુ તેના પરસેવા, પરિશ્રમ અને ઈમાનદારીથી થવી જોઈએ. ખેડૂત જ્યારે પોતાની મહેનતનું મૂલ્ય સમજશે, સંગઠિત બનશે અને પોતાની પેદાશનું મૂલ્યવર્ધન કરતાં શીખશે ત્યારે ખેતી માત્ર જીવનનિર્વાહનું સાધન નહીં, પરંતુ સમૃદ્ધિનો મજબૂત આધાર બનશે.

ખેડૂત માત્ર અન્નદાતા નથી, તે અર્થતંત્રનો આધારસ્તંભ છે. જરૂર છે માત્ર પોતાના પરિશ્રમનું ગૌરવ સમજવાની અને સંગઠિત શક્તિ ઊભી કરવાની. કેતનભાઈ પટેલનો સંપર્ક નંબર ૯૪૨૭૩૭૦૩૮૮ છે.

:: તિખારો ::

ભૂલ થઈ હોય તો સ્વીકારી લેવી, એ જ સમજદારી છે, કારણ કે સત્ય સામે ભૂલની ક્યાં કોઈ બરાબરી છે? ભૂલને ગમે તેટલી દલીલોથી શણગારો,પણ સત્ય સામે એ ક્યારેય ટકી શકતી નથી. અને હા...તમારી પ્રતિષ્ઠાની હંમેશાં સંભાળ રાખજો, કારણ કે તમારી જિંદગી કરતાં પણ લાંબું આયુષ્ય, તમારી પ્રતિષ્ઠાનું રહેવાનું છે!

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

ખેતી કાર્યો

જુ : સુકારો : આ રોગ જમીનજન્ય ફૂગથી થાય છે. આ રોગ લાગવાથી તંદુરસ્ત છોડના પાન અને ડાળીઓ એકાએક નમી પડે છે. સામાન્ય રીતે ૨૫-૩૦ દિવસનો છોડ થાય ત્યારે આ રોગ દેખાય છે. રોગનો ચેપ લાગેલ છોડ ત્યારબાદ સુકાઈ જાય છે. રોગિષ્ટ છોડમાં દાણા બેસતા નથી. થોડા દાણા બેસેલ હોય તેનો વિકાસ થતો નથી. તેથી દાણા ચીમળાયેલા વજનમાં હલકા, ઉતરતી ગુણવત્તાવાળા હોય છે.

સુકારાનું નિયંત્રણ

★ સુકારા રોગપ્રતિકારક જાત મુંઝરૂ-૪ અને પનું વાવેતર

★ ભુવાર કે જુવારના પાકની ફેરબદલી

★ ઉનાળામાં ૨-૩ વખત ઉંડી ખેડ કરી જમીન તપાવવી

★ બીજને કાર્બેન્ડાઝીમ ફૂગનાશક દવાનો એક કિલો બિયારણ દીઠ ૨ ગ્રામ પ્રમાણે પટ

★ છાણિયું ખાતર ૧૦ ટન/હે અથવા દિવેલીખોળ/ રાયડાખોળ/ પોટ્ટ્રી ખાતર ૨.૫ ટન/હે ટ્રાઈકોડરમા હરજીએનમ ૧૦ કિ.ગ્રા/હે. અને છાણિયું ખાતર ૩ ટન/હે. પ્રમાણે

(અ) રોગો

૧. ફાળિયો અથવા ચરમીનો રોગ

આ રોગ જમીનજન્ય તેમજ બીજજન્ય ફૂગથી થાય છે. શરૂઆતમાં પાન પર નાના કથ્થાઈ રંગના ટપકાં પડે છે ત્યારબાદ ટપકાં મોટા થઈ આખા પાન કથ્થાઈ રંગમાં ફેરવાઈ જાય છે. ઘણીવાર ડાળી ઉપર પણ આવા ધાબા પડે છે. અંતે પાન અને ડાળીઓ સાથે આખા છોડ સુકાઈ જાય છે અને બળી ગયા હોય તેવા દેખાય છે. રોગિષ્ટ છોડ ચીમળાઈ જઈ કાળો પડી જાય છે. દાણા બેસતા નથી. જો દાણા બેસે તો કાળા અથવા ચીમળાયેલા અને નાના દાણા બેસે છે. સામાન્ય રીતે આ રોગની શરૂઆત વાવણી પછી ૪૦ દિવસે થાય છે.

રોગની શરૂઆત ખાસ કરીને એકમ વિસ્તારમાં વધારે છોડ અને ક્યારામાં પાણી ભરાઈ રહેતું હોય ત્યાંથી થતી જોવા મળે છે. શિયાળાની ઋતુમાં ઘણી વખત કમોસમી વરસાદ (માવઠું) અને વાદળછાયું વાતાવરણ થાય ત્યારે આ રોગની વૃધ્ધિ અને ફેલાવો ખૂબ જ ઝડપથી થાય છે તેથી પાક નિષ્ફળ જાય છે.

નિયંત્રણ:-

★ બીજને થાયરમ ફૂગનાશક દવાની એક કિલો બિયારણ દીઠ ૩ ગ્રામ પ્રમાણે પટ આપવો

★ પાકની વાવણી ૧૫ નવેમ્બર વચ્ચે ઠંડીની શરૂઆતે (૩૦ સે.)

★ પૂર્વે વાવેતર કરવાને બદલે ૩૦ સે.મી. ના ગાળે ચાસમાં વાવણી

★ વાદળવાળા અને ધુમ્મસવાળા વાતાવરણમાં પિયત ટાળવું અને કચરો સળગાવી ધુમાડો કરવો

★ ખાતરથી છોડનો વાનસ્પતિક વૃધ્ધિ વધારે થતાં રોગ ઝડપથી ફેલાય

★ શરૂઆતમાં જોવા મળતાં



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

રોગિષ્ટ છોડનો નાશ કરવો

★ રોગ આવવાની રાહ જોયા સિવાય પાક ૪૦ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૦.૨૫ ટકા (૩૦ ગ્રામ/૧૦ લિટર) ૧૦ દિવસના અંતરે ચાર છંટકાવ કરવા. દવાનું દ્રાવણ ધુમાડા સ્વરૂપે બધા જ છોડ સારી રીતે ભીંજાય તે રીતે છંટકાવ થવો જોઈએ.

અથવા

★ વાવણી પછી ૪૦ દિવસે કિસૉલીમ મિથાઈલ (૧૦ મિલિ/૧૦ લિટર), ૫૦ દિવસે મેન્કોઝેબ (૩૦ ગ્રામ/૧૦ લિટર) અને ૬૦ દિવસે ડાયફેનાકોનાઝોલ (૫ મિલિ/૧૦ લિટર) નો છંટકાવ અથવા

★ રોગની શરૂઆત થયે કિસૉલીમ મિથાઈલ ફૂગનાશક દવા (૧૦ મિલિ/૧૦ લિટર) ના ૧૦-૧૦ દિવસના અંતરે ત્રણ છંટકાવ

★ દવાનું દ્રાવણ ધુમાડા સ્વરૂપે બધા છોડ સારી રીતે ભીંજાય તે રીતે દવાનો છંટકાવ

મકાઈ :-

વધુ ઉત્પાદન માટે ધ્યાનમાં લેવાના મુદ્દાઓ :-

● મકાઈના પાકની વાવણી સમયસર કરવી.

● બીજને એઝેટોબેક્ટર અને એઝોસ્પાઈરીલમ કલ્ચરનો પટ આપી વાવેતર કરવું.

● નાઈટ્રોજન ખાતર ચાર હપ્તામાં આપવું.

● જમીનમાં જીંક ૨૫ કિ.ગ્રા./હે. પાયામાં આપવું.

● શરૂઆતના ૪૫ દિવસ સુધી પાક નિંદામણ મુક્ત રાખવા માટે નિંદામણનાશક દવાનો ઉપયોગ કરવો.

● ૩૦ દિવસે ભેજ જરૂર હોય તો જ પિયત આપવું અન્યથા પાણી ન આપવું.

● પાઈનરા સુકારો ન આવે તે માટે ૧ હેક્ટરે ૧૦૦૦ કિલો લીંબોળીનો ખોળ વાવેતર વખતે ચાસમાં અવશ્ય આપવો.

● પુંછડી ચાર ટપકાવાળી લશ્કરી ઈયળ (ફોલ આર્મીવર્મ)ના નિયંત્રણ માટે એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ અથવા ક્લોરાન્ટ્રાનિલિપ્રોલ ૧૮.૫એસી ૩ મિલી કોઈ એક દવા ૧૦ લીટરમાં ઉમેરી છંટકાવ કરવો

ઘરૂવાડીયાની માવજત :-

● ધરૂ ઉછેર કરવામાં આવેલ કયારાને એગ્રોશેડ નેટ અથવા ડાંગરના પરાળનું ઢાંકણ કરી હળવુ પિયત આપવું.

● જરૂરીયાત મુજબ ઝારાં કે કુવારાની મદદથી પાણી આપતા રહેવું.

● બીજનો પૂરતો ઉગાવો થયા બાદ ૪ થી ૫ દિવસ પછી ઘાસ/ એગ્રોનેટનું આવરણ દુર કરવું, કયારામાં રહેલ ઘાસ કચરાને બરાબર વીણી સાફ કરવા.

● કયારા સાફ કર્યા પછી મેટાલેકસીલ એમ ઝેડ (રીડોમીલ) ૨ ગ્રામ / ૧૦ લીટર પ્રમાણે છંટકાવ કરવો જેથી ધરૂના કોહવારાનું નિયંત્રણ થઈ શકશે.

● એગ્રોનેટનો ઉપયોગ કરવાથી જમીનમાંથી ભેજ ઊડતો નથી, જેથી એકાંતરે દિવસે બપોર પછી પાણીનો છંટકાવ કરવો.

● ચોમાસા દરમ્યાન જયારે વરસાદ હોય ત્યારે પાણી ભરાઈ ન રહે તે માટે કયારાની પાળી ઉપર ખરપડીની મદદથી થોડા અંતરે નીકો કરવી.

● ૩૦-૩૫ દિવસની ઉમરના ધરૂનો ફેરોપણી માટે ઉપયોગ કરવો.



પાકનું નામ	રોગનું નામ	રોગના ઓળખ ચિહનો	નિયંત્રણના પગલા
મરચી, રીંગણી, ટમેટી	ધરૂ મૃત્યુ તથા સુકારો	ધરૂવાડીયામાં છોડ ચીમળાઈને/ સુકાઈને મરી જાય છે.	બીજને કાર્બેન્ડાઝીમનો પટ્ટ આપવો (૨ થી ૩ ગ્રામ / કિલો) ૧૫ દિવસ બાદ મેટાલેકસીલ એમ ઝેડ (રીડોમીલ) ૨૭ ગ્રામ / ૧૦ લીટરનું દ્રાવણ એક લીટર/ચો.મી. મુજબ ઝારાથી કયારામાં નિતારવું.
મરચી, ટમેટી	કોકડવા	પાન કોકડાઈ જાય, વાંકા વળી જાય અને છોડ નાનો રહે.	રોગવાળા ધરૂને શરૂઆતથી ઉપાડી નાશ કરવો. કાર્બાફયુરાન – ૩ – જી આપવું. ત્યાર બાદ ડાયમેથોએટ ૧૦ મિલી ૧૦ લીટરનો વારાફરતી ૧૦ દિવસના અંતરે છંટકાવ કરવો.

» **(૧)** ભેંસોમાં દર ૧૨ કલાકે (સવાર-સાંજ) નિયમિત દોહન કરવું. અનિયમિતતાના કારણે દૂધ ઉત્પાદન અને ફેટમાં વધઘટ શકય છે.
» **(૨)** સંપૂર્ણ દોહન કરવાનો આગ્રહ રાખવો. શરૂઆતની બે-ત્રણ દૂધની શેડમાંજંતુઓનું વધુ પ્રમાણ હોવાથી દૂધના વાસણમાં ન લેતાં બહાર જતી કરવી.જયારે દોહનના અંતે (ડબકા) વધુ ફેટનું પ્રમાણ રહેતું હોવાથી પૂર્ણદોહનજવું.
» **(૩)** અધુરા દોહનથી આઉમાં દુધ રહી જવાના કારણે **(૪)** જંતુજન્ય રોગ લવાની શકયતા વધે છે **(ખ)** આઉમાં દબાણ વધતા દૂધના આંતરિક સ્ત્રાવમાં ઘટાડો થાય છે. જો આ અધૂરૂ દોહન દરરોજ થાય તો ભેંસ વહેલી વસુકી જાય છે.
» **(૪)** ભેંસોમાં આંચળને અંગૂઠા વડે દબાવી કદાપી દાન કરવું નહી. આથી આંચળને ઈજા થઈ રોગ થવાનો સંભવ છે.
» **(૫)** ભેંસ તથા પાડીઓને દરરોજ એક વખત હાથિયો કરવાથી શરીરમાં લોહીનું ભ્રમણ વધશે. જાનવર સ્ફૂર્તિલું થશે તેમજ પાકા વાળ અને ભીગડા ખરી જવાથી ચોખ્ખું દૂધ ઉત્પાદન મળશે.
» **(૬)** દૂધ દોહન વખતે દોહનાર વ્યકિત શકય હોય ત્યાં સુધી બદલવી નહી. આ વ્યક્તિ તંદુરસ્ત, નખ કાપેલા તથા માથે કપડું બાંધેલી હોવી જોઈએ. દોહન સમયે બીડી/સિગારેટ પીવા નહી.ટીબીવાળા ઢોર તથા મજૂર રાખવા નહી અન્યથા રોગ ફેલાવાનો ભય રહે છે.
» **(૭)** દોહન સમયે અજાણી વ્યકિત કે કૂતરાઓનું ભસવું કે કોલાહલના કારણે ભેંસો ભડકે છે અને જલ્દી પાનો મૂકતી નથી માટે આ બધી બાબતોનું ધ્યાન રાખવું.

આધુનિક ખેતીમાં બાયોસ્ટીમ્યુલન્ટ્સ (Bio-stimulants) પાકની જરૂરિયાત

આધુનિક ખેતીમાં બાયોસ્ટીમ્યુલન્ટ્સ (Bio-stimulants) પાકની ગુણવત્તા, ઉત્પાદકતા અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે અત્યંત જરૂરી સાબિત થઈ રહ્યા છે. તે કોઈ પરંપરાગત ખાતર કે જંતુનાશક નથી, પરંતુ કુદરતી તત્વો અને સુક્ષ્મજીવોનું એવું મિશ્રણ છે જે છોડની આંતરિક ક્ષમતાઓને સક્રિય કરે છે.

આધુનિક ખેતીમાં બાયોસ્ટીમ્યુલન્ટ્સની મુખ્ય જરૂરિયાતો અને તેના ફાયદાઓ નીચે મુજબ છે:

૧. પાકનો સર્વાંગી વિકાસ અને પોષણ

● **પોષક તત્વોનું શોષણ:** તે જમીનમાં રહેલા નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ જેવા જરૂરી તત્વોને છોડ સહેલાઈથી ગ્રહણ કરી શકે તેવા સ્વરૂપમાં ફેરવે છે.

● **મૂળનો વિકાસ:** તેના વપરાશથી છોડના મૂળનો ફેલાવો વધે છે, જેથી છોડ ઊંડેથી પાણી અને પોષક તત્વો મેળવી શકે છે.

૨. પ્રતિકૂળ વાતાવરણ સામે રક્ષણ

આધુનિક સમયમાં ક્લાઈમેટ ચેન્જ (હવામાન પરિવર્તન) મોટી સમસ્યા છે. બાયોસ્ટીમ્યુલન્ટ્સ છોડને નીચેની પરિસ્થિતિઓ સામે લડવાની શક્તિ આપે છે: ● દુષ્કાળ કે પાણીની અછત

● અતિશય ગરમી કે ઠંડી

● જમીનમાં ક્ષારનું વધુ પ્રમાણ

૩. ગુણવત્તા અને ઉત્પાદનમાં વધારો

● **વધુ ફ્લાવરિંગ:** તે પાકમાં ફૂલ અને ફળ બેસવાની પ્રક્રિયાને વેગ આપે છે અને ફૂલોને ખરી પડતા અટકાવે છે.

● **ગુણવત્તાયુક્ત ઉત્પાદન:** અનાજ, શાકભાજી કે ફળોના રંગ, સ્વાદ, કદ અને ચમકમાં સુધારો થાય છે, જેથી બજારમાં સારા ભાવ મળે છે.

ડો. રિશી કે કાલરીયા, અસ્પી શકીલમ
બાયોટૈનોલોજી ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

૪. જમીનનું સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણી

● **સુક્ષ્મજીવોની વૃધ્દિ:** તે જમીનમાં રહેલા ફાયદાકારક બેક્ટેરિયા અને અળસિયા જેવા જીવોને ખોરાક પૂરો પાડી તેમની સંખ્યા વધારે છે.● **રાસાયણિક ખાતરો પર નિર્ભરતામાં ઘટાડો:** તેના ઉપયોગથી રાસાયણિક ખાતરોનો બગાડ અટકે છે અને જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા જળવાઈ રહે છે.

બાયોસ્ટીમ્યુલન્ટ્સના મુખ્ય સ્ત્રોત (તે શેમાંથી બને છે?)

● **સીવીડ એક્સટ્રેક્ટ (દરિયાઈ શેવાળનો અર્ક):** છોડના હોર્મોન્સ વધારવા માટે.

● **હ્યુમિક અને ફુલ્વિક એસિડ:** જમીનની ફળદ્રુપતા અને ભેજસંગ્રહ શક્તિ વધારવા માટે.

● **એમિનો એસિડ:** છોડમાં પ્રોટીન નિર્માણ અને તણાવ મુક્તિ માટે.

● **માયકોરાઇઝા અને અન્ય બેક્ટેરિયા:** મૂળના વિકાસ અને પોષણ માટે. જેમ મનુષ્યને તંદુરસ્ત રહેવા માટે વિટામિન્સ કે સપ્લીમેન્ટ્સની જરૂર પડે છે, તેમ બદલાતા વાતાવરણમાં પાકને સશક્ત અને વધુ ઉત્પાદક બનાવવા માટે આધુનિક ખેતીમાં બાયોસ્ટીમ્યુલન્ટ્સ અનિવાર્ય બન્યા છે.



એક ખેતરમાં અનેક પાક, જમીનને પોષણ અને ખેડૂતની આવકમાં વૃધ્ધિની તક

'સહજીવન મિશ્ર પાક પધ્ધતિ' અપનાવી પ્રાકૃતિક ખેતીને બનાવો વધુ ટકાઉ અને ફાયદાકારક

રિધ્ધિ ત્રિવેદી

ખેતીમાં એક જ પાક પર આધારિત રહેવાને બદલે મુખ્ય પાકની સાથે તેને અનુકૂળ બીજા પાકોનું વાવેતર કરવામાં આવે તો જમીનના સ્વાસ્થ્યનું જતન કરવાની સાથે આવકના નવા વિકલ્પો ઊભા થઈ શકે છે. પ્રાકૃતિક કૃષિમાં 'સહજીવન મિશ્ર પાક પધ્ધતિ' પાકોની વિવિધતાનો ઉપયોગ કરીને જમીન, પાણી અને કુદરતી સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની મહત્વપૂર્ણ પધ્ધતિ છે.

આ પધ્ધતિમાં પાકની પસંદગી કરતી વખતે તેનાં મૂળની ઊંડાઈ, વૃધ્ધિનો સમયગાળો, પાણીની જરૂરિયાત અને સૂર્યપ્રકાશની આવશ્યકતા ધ્યાનમાં લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ઘઉં સાથે ચણા, મસૂર કે વટાણા જેવા દ્વિદળી પાકોનું યોગ્ય આયોજન કરી શકાય છે. કપાસ કે તુવેર જેવા પાકોની સાથે મગ અથવા અડદ જેવા પાકો પણ સ્થાનિક પરિસ્થિતિ અને યોગ્ય અંતરને ધ્યાનમાં રાખીને ઉગાડી શકાય છે. દ્વિદળી પાકો જમીનના પોષકચક્રમાં યોગદાન આપે છે, જ્યારે જમીનને ઢાંકતા તરબૂચ, ચીભડા અને કાકડી જેવા પાકો ભેજ જાળવવામાં મદદરૂપ થઈ શકે છે.

મિશ્ર પાક પધ્ધતિમાં મકાઈ, ગલગોટા, ચોળી, રાઈ અને બાજરા જેવા પાકોનું યોગ્ય આયોજન ખેતરમાં ઉપયોગી કીટકોને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં મદદ કરી શકે છે. આથી, કુદરતી જીવાત વ્યવસ્થાપનને પ્રોત્સાહન મળે છે. સાથે જ એક કરતાં વધુ પાક ઉગાડવાથી વિવિધ પાકોમાંથી આવક મેળવવાની તક ઊભી થાય છે અને એક જ પાક પરની નિર્ભરતા ઘટાડી શકાય છે. ખેડૂતોએ મિશ્ર પાક અપનાવતાં પહેલાં પોતાની જમીન, પાણીની ઉપલબ્ધતા, હવામાન અને બજારની માંગનો અભ્યાસ કરવો જોઈએ. કૃષિ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ નાના વિસ્તારમાં પ્રયોગ કરીને ઉત્પાદન અને ખર્ચનું મૂલ્યાંકન કરવું હિતાવહ છે.

આમ, 'સહજીવન મિશ્ર પાક પધ્ધતિ' પ્રાકૃતિક ખેતીને વધુ ટકાઉ બનાવવાની દિશામાં ઉપયોગી અભિગમ છે. પાકોની યોગ્ય પસંદગી અને વૈજ્ઞાનિક આયોજન દ્વારા જમીનનું સ્વાસ્થ્ય જાળવવા, કુદરતી સંસાધનોનો સદુપયોગ કરવા અને ખેતીને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવાની દિશામાં ખેડૂતો આગળ વધી શકે છે.





અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર દ્વારા કડવા પાટીદાર સમાજનો ભવ્ય સ્નેહમિલન સમારોહ સંપન્ન

૩૩ નવનિયુક્ત સરકારી કર્મચારીઓનું સન્માન

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર દ્વારા કડવા પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારોહ-૨૦૨૬ 'સ્નેહની સુવાસ - એકતાનો અહેસાસ' અમર પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. સમારોહની શરૂઆતમાં



ગોરધનભાઈ સુરાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે વજુભાઈ ગોલ, કૌશિકભાઈ રાબડીયા અને ઠાકરશીભાઈ મેતલીયાએ સમાજમાં એકતા, ભાઈચારો અને શિક્ષણ સાથે ગણતર અપનાવી સંગઠિત થઈ આગળ વધવા પ્રેરણાદાયી આહવાન કર્યું હતું.આ



પ્રસંગે વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સરકારી નોકરી મેળવનાર સમાજના ૩૩ તેજસ્વી યુવક-યુવતીઓનું ખેસ અને પ્રશસ્તિપત્ર આપી વિશેષ સન્માન કરાયું હતું. ઉપરાંત, કલામ ઈનોવેટિવ સ્કૂલ માટે બસ અને સેવન-ડી લેબોરેટરી માટે રૂ. ૫૦ લાખનું માતબર દાન



આપવા બદલ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું વિશેષ અભિવાદન કરાયું હતું. તેમણે પોતાના ઉદ્બોધનમાં રોજગારી અને સમાજની સમૃદ્ધિ માટે સામૂહિક પ્રયાસો પર ભાર મૂક્યો હતો. સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ભરતભાઈ સુતરીયા અને મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા.ભોજન દાતા રમેશભાઈ અને કલ્પેશભાઈ ગુમાસણાનું પણ સન્માન કરાયું હતું.

અંતમાં હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલીયાએ હાસ્યરસની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમનું સંચાલન ધીરુભાઈ કોટડીયા અને ભારતીબેન પટેલે કર્યું હતું તથા આભારવિધિ રમેશભાઈ ગુમાસણાએ કરી હતી.

ધારી-અમરેલી માર્ગ પર બાઈક સ્લીપ થતાં ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

ધારી,તા.૨૨

ધારી-અમરેલી માર્ગ પર બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ દરમિયાન પ્રસંગોપાત ધારી જઈ રહેલા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ અકસ્માત જોતા જ પોતાનો કાર્યક્રમ પડતો મૂકીને માનવતા દાખવી હતી. તેમણે તાત્કાલિક ઈજાગ્રસ્ત બાઈક ચાલકની સંભાળ લીધી હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ત્યારબાદ ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તને વધુ સારવાર અર્થે



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો. પ્રાથમિક માહિતી મુજબ, અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલો બાઈક ચાલક ધારી તાલુકાના છતડીયા ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

જાફરાબાદના બાબરકોટ ગામે તુલસી વિવાહ મહોત્સવ સંપન્ન

જાફરાબાદ,તા.૨૨

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા શ્રી ભોળાનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં તુલસી માતાજી અને ભગવાન દ્વારકાધીશના વિવાહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ ધાર્મિક પ્રસંગે માંડવા પક્ષે નનાભાઈ ટપુભાઈ ભાલિયાના પુત્ર



હિતેષભાઈ ભાલિયાએ કન્યાદાન કર્યું હતું, જ્યારે જાન પક્ષે બાલુભાઈ નાનજીભાઈ સાંખટ જાફરાબાદથી વાજતે-ગાજતે જાન લઈને બાબરકોટ પધાર્યા હતા. આજુબાજુના ગામોની હજારો દીકરીઓ અને બાળાઓએ ભગવાન ઠાકોરજીને શેરડીના સાંઠા અર્પણ કરી દર્શનનો લાભ લીધો હતો.આ મહોત્સવમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિત મોટી સંખ્યામાં મહેમાનો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમનું ગ્રામજનો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને ભજન-કીર્તન બાદ ઉપસ્થિત સર્વે ભાવિકોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ઉનાના મોઠા ગામે ધૂન મંડળની બહેનો દ્વારા ૧૬મા તુલસી વિવાહનું ભવ્ય આયોજન

ઉના,તા.૨૨



ઉના તાલુકાના મોઠા ગામે તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ સ્વામી શ્રી મુક્તિ ચૈતન્ય મંદિર પરિસરમાં ગામના ધૂન મંડળની બહેનો દ્વારા પરંપરાગત રીતે ૧૬મા તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે મંડપ મુહૂર્ત અને ગ્રહશાંતિ બાદ રાત્રે સનાતન ધર્મની વિધિ મુજબ જાન આગમન અને લગ્નવિધિ સંપન્ન થઈ હતી. આ વર્ષે પરેશભાઈ ધીરુભાઈ કેશુરે કન્યાદાનનો લાભ લીધો હતો. છેલ્લા ૧૫ વર્ષથી સ્વ. તારાચંદ પારેખ અને સ્વ. વિનોદચંદ્ર પારેખના માર્ગદર્શનથી શરૂ થયેલી આ પરંપરામાં સમગ્ર ગ્રામજનોએ ઉત્સાહભેર જોડાઈ પ્રસાદનો લાભ લીધો હતો.

દેલવાડા ગ્રામ પંચાયતની ચૂંટણી પહેલાં મતદાર યાદી મુદ્દે વિવાદ: ૧૩૦૦થી વધુ નામો સામે વાંધો

ઉના, તા.૨૨

ઉના તાલુકાના દેલવાડા ગામમાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણી પહેલાં મતદાર યાદીને લઈને વિવાદ સર્જાયો છે. ગામના ૧૩૦૦થી વધુ મતદારોનાં નામો અંગે પ્રશ્નો ઊભા થતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે. આ મામલે ગામના પૂર્વ સરપંચ વિજય બાંભણીયા અને તેમની ટીમે મામલતદારને આવેદનપત્ર



પાઠવી સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવાની માગ કરી છે. આવેદનપત્રમાં મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પૂર્વ સરપંચે આક્ષેપ કર્યો છે કે આગામી ચૂંટણીમાં રાજકીય નુકસાન પહોંચાડવાના હેતુથી વિરોધ પક્ષ દ્વારા કાવતરું ઘડવામાં આવ્યું છે. આ કામગીરીમાં નજીકના ગામના તલાટી-મંત્રીનો ઉપયોગ કરાયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં, દેલવાડાના વર્તમાન તલાટીને રજા પર ઉતારી તેમની ગેરહાજરીમાં મતદાર યાદી સંબંધિત કામગીરી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. આ સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માગ ઉઠી છે.

અમરેલીમાં ૨૬ નવેમ્બરે 'સંવિધાન ગૌરવયાત્રા' યોજાશે: જિલ્લા ભાજપે પ્રેસ કોન્ફરન્સ કરી આયોજનની માહિતી આપી

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા ભાજપ દ્વારા આગામી ૨૬ નવેમ્બરે 'સંવિધાન ગૌરવ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાની રૂપરેખા આપવા માટે જિલ્લા ભાજપ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં પ્રદેશ નેતા અશ્વિન બેંકર, જિલ્લા પ્રમુખ અતુલ કાનાણી અને પૂર્વ પ્રમુખ શરદ



લાખાણી, મયુરભાઈ માંજરીયા, વિપુલભાઈ ભટ્ટી, સંજયભાઈ રામાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં અશ્વિન બેંકરે જણાવ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે ઘડેલું સંવિધાન દેશના વિકાસનો માર્ગ છે.

આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં બંધારણના ગૌરવ, સન્માન અને મહત્ત્વ અંગે જાગૃતિ લાવવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી કાળથી લઈને સંસદ સુધી હંમેશા સંવિધાનનું સન્માન કર્યું છે. તેમણે જનતાને બંધારણમાં વિશ્વાસ રાખી ભાજપના આ પ્રયાસને બિરદાવવા અપીલ કરી હતી.

TAT-HS પરીક્ષાના મૂલ્યાંકનમાં પારદર્શિતા અને ન્યાયની માંગ સાથે લાઠી મામલતદારને આવેદનપત્ર

હ્યુમન રાઈટ્સ ફેડરેશન (USA) દ્વારા પાંચ મુદ્દાની રજૂઆત

લાઠી, તા.૨૨

TAT-HS પરીક્ષાના પરિણામ અને મૂલ્યાંકન પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા તેમજ ઉમેદવારોને ન્યાય અપાવવાની માંગ સાથે હ્યુમન રાઈટ્સ ફેડરેશન (USA) દ્વારા લાઠી મામલતદાર સમક્ષ આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સીરીનબેન મોગલ અને પરીતાબેન ઝગડાએ આવેદનપત્ર સુપરત કર્યું હતું. ફેડરેશન દ્વારા પેપર-૧ અને પેપર-૨ના ગુણ અલગ જાહેર કરવા, ઉમેદવારોને ઉત્તરવહીની નકલ આપવા, ગુણની ગણતરીમાં ચોકસાઈ રાખવા, પરીક્ષા રદ કરવાને બદલે ભૂલોની તપાસ કરવા તથા ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરવાની પાંચ મુખ્ય માંગણીઓ કરવામાં આવી હતી. આવેદનપત્રની નકલ મુખ્યમંત્રીને પણ મોકલવામાં આવી છે. ફેડરેશનના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ મહેન્દ્ર આયલાણીએ જણાવ્યું હતું કે ઉમેદવારોને ન્યાય મળે ત્યાં સુધી લોકશાહી અને બંધારણીય માર્ગે રજૂઆતો ચાલુ રહેશે.

યુવાનો અને સહકારી ક્ષેત્રમાં રોકાણથી નેતૃત્વ તથા સમાજનું ઘડતર શક્ય : હર્ષ સંઘાણી

યુવા સહકારી સંસ્થાને રાષ્ટ્રીય કક્ષાએ 'એક્સેલન્સ ઇન કોઓપરેટિવ ઇનોવેશન' પુરસ્કાર

અમરેલી, તા.૨૨

હર્ષ સંઘાણી દ્વારા સ્થાપિત યુવા સંચાલિત સહકારી સંસ્થા 'ઇન્ડિયન યુથ કોઓપરેટિવ સોસાયટી લિ.' (IYCS)ને સહકારી ક્ષેત્રમાં નવીન કામગીરી બદલ 'એક્સેલન્સ ઇન કોઓપરેટિવ ઇનોવેશન' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. નવી દિલ્હીના ચાણક્યપુરી સ્થિત ધ અશોક હોટેલ ખાતે યોજાયેલી 'ઇન્ડિયન કોઓપરેટિવ સમિટ એન્ડ એક્સેલન્સ એવોર્ડ્સ-૨૦૨૬'માં આ સન્માન આપવામાં આવ્યું હતું. સંસ્થા વતી ડાયરેક્ટર મીત માંગરોલિયા અને ટેક કોઓપરેટિવ ગ્રુપના નેતા ક્રિશ મોદીએ પુરસ્કાર સ્વીકાર્યો હતો. IYCS ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ, સ્વચ્છ ઊર્જા,



ટકાઉપણું, ઉદ્યોગસાહસિકતા સહિત સાત વિભાગોમાં કાર્યરત છે. સંસ્થા યુવાનોને પોતાના વિચારોને સહકારી સાહસોમાં પરિવર્તિત કરવા માટે સહાય પણ કરે છે. સ્થાપક અને પ્રમુખ હર્ષ સંઘાણી ICA યુથ કમિટીના પ્રમુખ તરીકે પણ સેવા આપે છે. તેઓ ૨૦૨૬થી ૨૦૩૦ના કાર્યકાળ માટે બિનહરીફ ચૂંટાયા છે. હર્ષ સંઘાણીએ જણાવ્યું હતું કે, યુવાનો અને સહકારી ક્ષેત્રમાં રોકાણથી નેતૃત્વ તથા સમાજનું ઘડતર શક્ય બને છે.

જાફરાબાદથી સોમનાથ સુધી ૧૨૧ કિમીની સાગરકાંઠા પદયાત્રાનો પ્રારંભ

ઉના,તા.૨૨

જાફરાબાદથી સોમનાથ સુધીની ૧૨૧ કિલોમીટરની સાગરકાંઠા પદયાત્રાનો પ્રારંભ થયો છે. ૧૫થી ૨૨ નવેમ્બર સુધી ચાલનારી આ યાત્રામાં વિવિધ રાજ્યોના ૧૨૧ સભ્યો જોડાયા છે.

જેમાં ૩૪ બહેનો, ૫૬ ભાઈઓ અને ૮ લીડરનો સમાવેશ થાય છે. જાફરાબાદ બંદરેથી ધ્વજવંદન સાથે




યાત્રાનો પ્રારંભ કરાયો હતો. સાત દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ માછીમારોના પ્રશ્નો, દરિયાઈ સંસ્કૃતિ, બંદરો, હોડી બનાવતા કારીગરો અને જાળ ગૂંથતી મહિલાઓની કામગીરીનો અભ્યાસ કરશે. ડીઝલના ભાવ, જાળની મોંઘવારી, વીમા અને સરકારી સહાય જેવા પ્રશ્નો સરકાર સુધી પહોંચાડવાનો હેતુ છે. યાત્રા રાજપરા, ઉના, દીવ અને કોડીનાર થઈ સોમનાથ પહોંચશે. હાલ યાત્રા દેલવાડા પહોંચી છે. આયોજન ભરતકુમાર કામળિયા, હરેશ મિતેલીયા અને નયન સાખટે કર્યું છે.

ઉનાના ગાંગડા ગામ પાસે સર્વિસ રોડ ન હોવાથી ૧૦થી વધુ ગામના લોકોને મુશ્કેલી

ઉના,તા.૨૨

સોમનાથ-ભાવનગર ફોરટ્રેક હાઈવે પર ઉના તાલુકાના ગાંગડા ગામ પાસે સર્વિસ રોડ ન હોવાથી ૧૦થી વધુ ગામના લોકોને મુશ્કેલી પડી રહી છે. યોગ્ય ડાયવર્ઝન ન હોવાથી વાહનચાલકોને રોંગ સાઈડ વાહન ચલાવવું પડે છે. આ કારણે અકસ્માતનો ભય રહે છે. ગાંગડા પાસે ફોરટ્રેકનું કામ પૂરું થયાને ૬ વર્ષથી વધુ સમય થયો છે, પરંતુ સર્વિસ રોડ



બન્યો નથી. હાઈવે ઓથોરિટીએ સર્વિસ રોડ બનાવવાની ખાતરી આપી હતી, પણ તેનો અમલ થયો નથી. ગાંગડાથી આશરે પોણા બે કિલોમીટર દૂર ડાયવર્ઝન છે, જે સ્થાનિક લોકો માટે ઉપયોગી નથી. આ મુદ્દે ગ્રામજનોએ અગાઉ આંદોલન કર્યું હતું. ત્યારે તેમને આશ્વાસન મળ્યું હતું, પરંતુ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. સનખડા આ વિસ્તારનું મુખ્ય ગામ છે. આસપાસનાં ગામોના લોકોને કામ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સેવાઓ માટે અહીં આવવું પડે છે. સવાર-સાંજ સ્કૂલે જતા વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો અને ખેડૂતોને રોંગ સાઈડથી પસાર થવું પડે છે.

ભુજ-ખાવડા હાઈવે પર ભયાનક અકસ્માતમાં ૭ લોકોના મોત

ભુજ, તા. ૨૨

કચ્છના ભુજ-ખાવડા નેશનલ હાઈવે પર મોડી રાત્રે ટ્રેલર અને કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ૭ સભ્યોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારના બે કટકા થઈ ગયા હતા અને તેનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત બાદ રસ્તા પર મૃતદેહો વેરવિખેર હાલતમાં જોવા મળતા રાહદારીઓ અને સ્થાનિકોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ ગોઝારી દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓમાં રિન્કી નિતિન ગુંસાઈ, વામિકા નિતિન ગુંસાઈ, સૌરસિંહ જશપાલસિંહ નેગી, સવિતા સૌરસિંહ નેગી, સિવિકા સૌરસિંહ નેગી, રાજેશ રાવત અને રક્ષિતા રાજેશ રાવતનો સમાવેશ થાય છે. મૃતકોમાં નાના બાળકો અને મહિલાઓ પણ સામેલ હોવાથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને જિલ્લા પોલીસ અધિક્ષક (SP) વિકાસ સુંડા પણ તુરંત અકસ્માત સ્થળ અને હોસ્પિટલ ખાતે



દોડી ગયા હતા. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

બીજી તરફ, ગુજરાતના કચ્છ અને રાજસ્થાનના કોટામાં થયેલા બંને ભીષણ માર્ગ અકસ્માતો અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) દ્વારા જારી કરાયેલા સંદેશમાં વડાપ્રધાને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના પાઠવી હતી અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી હતી.

વડાપ્રધાન મોદીએ બંને દુર્ઘટનાઓના પીડિતો માટે આર્થિક સહાયની પણ જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ (PMNRF) માંથી કચ્છ અને કોટા અકસ્માતમાં જીવ ગુમાવનાર પ્રત્યેક મૃતકના પરિવારજનને ૨-૨ લાખ રૂપિયા અને પ્રત્યેક ઈજાગ્રસ્તને ૫૦-૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.

મૃતકના પરિવારજનને ૨-૨ લાખ રૂપિયા અને પ્રત્યેક ઈજાગ્રસ્તને ૫૦-૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત

રાજકોટ શહેરમાં નજીવી બાબતે યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા એસ.કે. ચોક નજીક મઢુલી પાન પાસે ૨૦ નવેમ્બરની રાત્રે સામાન્ય બાબતે એક યુવકની હત્યા કરવામાં આવી હતી. મનીષભાઈ પરમાર પોતાની એક્ટિવા લઈને પાનની દુકાને ઊભા હતા, ત્યારે સામું જોવા જેવી નજીવી બાબતે ગની ડાંગરિયા અને રિયાઝ શેખ નામના શખ્સો સાથે તેમને બોલાચાલી થઈ હતી.

ઉશ્કેરાયેલા બંને આરોપીઓએ મનીષભાઈ પર છરી વડે હુમલો કરી સાથળના ભાગે ત્રણ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે લોહીલુહાણ થયેલા મનીષભાઈને સારવાર માટે ખાનગી અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. ગાંધીગ્રામ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ બંને આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

જૂનાગઢ જિલ્લાના કેશોદ બાલાગામ રોડ પર કાર દુર્ઘટનામાં ત્રણ મિત્રો કારમાં જીવતા ભડથું

જૂનાગઢ, તા. ૨૨

જૂનાગઢ જિલ્લાના કેશોદ-બાલાગામ રોડ પર ઘમીદાણા ગામ નજીક વહેલી સવારે ૫ વાગ્યે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. નંદની પોપટના જન્મદિવસની ઉજવણી કરવા માધવપુર જઈ રહેલા ચાર મિત્રોની પૂરપાટ ઝડપે દોડતી કાર વળાંક પર પલટી મારી પથ્થર સાથે અથડાતા તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી.




આ ગોઝારી ઘટનામાં આગળનો કાચ તૂટી બહાર ફંગોળાઈ જતાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ક્રિષ્ના ચુડાસમાનો ચમત્કારિક બચાવ થયો હતો. પરંતુ કારમાં ફસાયેલા નંદની પોપટ, ડેનિસ દિવરાણીયા અને ઝલક મશરૂ બહાર ન નીકળી શકતાં અંદર જ જીવતા ભૂંજાઈ ગયા હતા. કેશોદ ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો હતો, જ્યારે ઈજાગ્રસ્ત ક્રિષ્નાને હોસ્પિટલ ખસેડાઈ હતી. જન્મદિવસે જ દીકરીનું મોત થતાં નંદનીના પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને પોલીસે તપાસ હાથ ધરી છે.

કચ્છમાં દુધઈ નજીક ૩.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી ફરી ધરતી ધ્રૂજી

ભુજ, તા. ૨૨

કચ્છમાં આજે ૨૨ નવેમ્બરે બપોરે ૧:૨૮ કલાકે રિક્ટર સ્કેલ પર ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) મુજબ, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ દુધઈથી ૧૮ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં અને જમીનથી ૧૭ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે ભૂગર્ભીય



ફોલ્ટલાઈનની સક્રિયતાને કારણે છેલ્લા છ મહિનામાં કચ્છના દુધઈ, ધોળાવીરા અને લખપત તેમજ સુરતમાં સમયાંતરે ભૂકંપના હળવાથી મધ્યમ આંચકા નોંધાયા છે.

TET હાયર સેકન્ડરીના પરિણામ સામે ઉમેદવારોમાં રોષ: મૂલ્યાંકન પદ્ધતિ સામે ઊઠ્યા સવાલો

બગસરા, તા.૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા TET હાયર સેકન્ડરી પરીક્ષાના પરિણામને લઈને ઉમેદવારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પરિણામમાં અનેક અનુભવી શિક્ષકો તેમજ પીએચડી જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ નાપાસ થતાં પરીક્ષાની મૂલ્યાંકન પદ્ધતિ સામે સવાલો ઊભા થયા છે.

ઉમેદવારોના જણાવ્યા મુજબ, પરિણામમાં બે અલગ-અલગ પેપરના ગુણ દર્શાવવાને બદલે માત્ર બંને પેપરના કુલ ગુણ જાહેર કરવામાં આવ્યા છે. આથી કયા પેપરમાં ઓછા ગુણ મળ્યા છે તેની સ્પષ્ટતા થતી નથી. વધુમાં, ઉમેદવારોને પોતાના ચકાસણી થયેલા પેપર રૂબરૂ જોવાની પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. આ બાબતે ઉમેદવારોએ પરીક્ષા બોર્ડ સમક્ષ પારદર્શકતાની માંગ ઉઠાવી છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૭મા ભાજપના દિગ્ગજ નેતાઓના પુત્રો ટિકિટની રેસમાં

રાજકોટ, તા. ૨૨

આગામી ૨૦૨૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે, જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને રાજકોટ ભાજપમાં નવી પેઢીના નેતાઓના નામો ચર્ચામાં આવ્યા છે. સ્થાનિક રાજકીય વર્તુળો મુજબ, પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીના પુત્ર ઋષભ રૂપાણી, મંત્રી પરસોત્તમ સોલંકીના પુત્ર દિવ્યેશ



સોલંકી, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાના પુત્ર ડૉ. મનીષ બાવળીયા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ અને અનાર પટેલને ભાજપ ટિકિટ આપી શકે છે.

બીજી તરફ, કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ નવી પેઢીને તક આપવા ૨૦૨૭ની ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે. હાલ કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ બંને પક્ષોએ સંગઠનને સક્રિય કરવા કવાયત શરૂ કરી દીધી છે.

અમદાવાદનો ક્લાસ-૨ ઓડિટ ઓફિસર જામનગરમાં રૂ. ૮ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના નવરંગપુરા સ્થિત ઓડિટ ભવનમાં ક્લાસ-૨ આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર તરીકે ફરજ બજાવતા વિનસકુમાર સાવરિયા જામનગરમાં રૂ. ૮ લાખની લાંચ લેતા એસીબી (ACB)ના હાથે ઝડપાયા છે. ફરિયાદીની કંપનીના મેનેજિંગ ડિરેક્ટરના વર્ષ ૨૦૨૪-૨૫ના ઈન્કમટેક્સ રિટર્નની ક્વેરીનું નિરાકરણ આવી ગયું હોવા છતાં, ક્લોઝ થયેલું એસેસમેન્ટ ઓડિટ ફરીથી ન ખોલવા માટે અધિકારીએ રૂ. ૮ લાખની માંગણી કરી હતી. લાંચ આપવા ન માંગતા ફરિયાદીએ જામનગર એસીબીનો સંપર્ક કરતા ટીમે છટકું ગોઠવ્યું હતું.

આરોપી અધિકારીએ ફરિયાદીને જામનગર-રાજકોટ હાઈવે પર ઈન્કમટેક્સ ઓફિસ નજીક પોતાની કારમાં બોલાવ્યા હતા.



એસીબીએ કારમાં જ રૂ. ૮ લાખની લાંચ સ્વીકારતા અધિકારીને દબોચી લઈ લાંચની રકમ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.







